
સત્યં વદ

॥ ૐ શ્રી સચ્ચિદાનંદ માધવાનંદ સદ્‌ગુરૂભ્યો નમઃ ॥

ધર્મં ચર

ૐ

# ॥ વેદ રહસ્ય ॥



પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ સચ્ચિદાનંદ સ્વરૂપ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય

## શ્રી ૧૦૦૮ સ્વામીશ્રી ચિદાનંદજી મહારાજ

વર્ષ ૩૮ સંવત ૨૦૭૨ વૈશાખ, જૂન - ૨૦૧૬ અંક - ૬















ગુજરાતનું દક્ષિણ પ્રયાગ એવા ચાણોદ ધામમાં શ્રી માધવાનંદ આશ્રમમાં સ્વામીશ્રી ચિદાનંદ ગૌશાળા ચાલે છે તેમાં ગાયો વધવાથી વધારે મોટુ આધુનીક ગૌશાળાનું કામ પૂર્ણ થયું છે. પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યના વરદ હસ્તે ઉદ્‌ઘાટત તા.૨૩-૦૫-૨૦૧૬ નાં શુભ દિવસે કરવામાં આવ્યું હતુ તેમાં સંતો-મહંતો-સેવક સમુદાય મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

**સંપર્ક : ગોરધનભાઈ – મો. ૯૮૯૮૩ ૨૨૬૫૦**

# વેદ રહસ્ય



સંસ્થાપક : મહામંડલેશ્વર સ્વામી
શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય

વર્ષ: ૩૮ / જૂન–૨૦૧૬ / અંક–૬

## અનુક્રમણિકા

| | |
|---|---|
| ૪ | કઠોપનિષદ્ <br> કૃષ્ણા જી. સવાણી (નવા નાવડા) |
| ૯ | બાલ દેવો ભવ: <br> લવજીભાઈ કે. સવાણી (નાવડા) |
| ૯ | બાલસંસાર શિબિર સમાચાર <br> અમરશીભાઈ કેરીયા |
| ૧૦ | મળી છે જીંદગી તો... <br> વસંતબેન ભગવાનભાઈ ભરોડિયા |
| ૧૧ | સિંહસ્થ કુંભ વિશે... <br> લક્ષ્મણભાઈ જે. સોનાણી (ચકમપર) |
| ૧૨ | તત્ત્વબોધ <br> રેખાબેન આર. મયાણી (ભાવનગર) |
| ૧૫ | ક્રોધથી થતુ નુકશાન <br> પટેલ દેવીકાબેન જે. (ઓઝરાળા) |
| ૧૬ | કર્મનું ભોગતાન <br> વિભુતી વી. દવે |
| ૧૬ | સદ્‌ગુરુ દેવનાં થાળ <br> મોણપરા કૈલાસબેન વી. (ચોગઠ) |
| ૧૭ | મૃત્યુનો મહિમા(ભાગ–૧) <br> હસમુખ પટેલ |
| ૧૯ | ભજન |
| ૨૦ | સત્સંગ સમાચાર <br> સંકલિત |
| ૨૧ | સત્સંગ સમાચાર <br> સંકલિત |
| ૨૨ | સત્સંગ સમાચાર <br> સંકલિત |

જય સચ્ચિદાનંદ

ૐ

## चर्पटपञ्जरिकास्तोत्रम्

*ભગવદ્‌ગીતા કિંચિદધીતા ગંગાજલલવકણિકા પીતા ।*
*સકૃદપિ યસ્ય મુરારિસમર્ચા તસ્ય યમઃ કિં કુરુતે ચર્ચામ્ ॥*
*ભજ ગોવિન્દં ભજ ગોવિન્દં ગોવિન્દં ભજ મુઢમતે ॥ ૧૨ ॥*

### ભાવાર્થ

*જેણે ભગવદ્‌ગીતા જરાક પણ વાંચી છે, ગંગાજળનું એક ટીપું પણ જેણે પીધું છે, એક વાર પણ જેણે ભગવાન કૃષ્ણનું અર્ચન કર્યું છે, તેની યમરાજ પણ શું ચર્ચા કરી શકે ? તેથી હે મૂઢ ! નિરંતર ગોવિંદને જ ભજ, કારણ કે મૃત્યુ નજીક આવતાં 'ડુકૃઞ્ કરણે' ગોખવાથી રક્ષા નહિ થાય. ॥ ૧૨ ॥*

**: માધવ પીઠાધીપતિ :**
''પ.પૂ. મહામંડલેશ્વર સ્વામી
શ્રી જગદીશાનંદ સાગરજી
મહારાજ વેદન્તાચાર્ય''

**: મુદ્રણ સ્થાન :**
પાર્થ પ્રિન્ટ પોઈન્ટ,
૧, બેઝમેન્ટ, શ્રીજી આવાસ,
માનગઢ ચોક, વરાછા,
સુરત–૩૯૫ ００૬.

**: પ્રકાશક (Publisher) :**
શ્રી લક્ષ્મણભાઈ જેરામભાઈ સોનાણી

**: સંપાદક (Editor) :**
શ્રી દેવરાજભાઈ વાલજીભાઈ વઘાસિયા

**: મુદ્રક :**
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ વતી
શ્રી ઈશ્વરભાઈ ધનજીભાઈ ગોળકીયા

## વેદ રહસ્ય


વેદ રહસ્ય મહિનાની પાંચમી તારીખે પ્રગટ થતું ૩૭ વર્ષ જૂનું સંસ્કાર અને ધર્મભાવના જાગૃત કરનારૂં સંપ્રદાયનું એકમાત્ર માસિક છે. વેદ રહસ્ય માસિક લવાજમના દર નીચે મુજબ રહેશે.

લવાજમ તથા લેખો માટે પત્રવ્યવહાર :

**મુખ્ય કાર્યાલય**
**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ**
**''વેદ રહસ્ય કાર્યાલય''**
શ્રી માધવાનંદ આશ્રમ,
ઉદયનગર–૧,
કતારગામ રોડ, સુરત–૩૯૫ ००૪.
ફોન નં.:– (૦૨૬૧) ૨૫૩૪૬૧૦

| | દેશમાં | વિદેશમાં |
|---|---|---|
| સંરક્ષક | ૮૦૦૦ | – |
| સહાયક | ૩૦૦૦ | – |
| આજીવન | ૧૫૦૦ | ૧૨૦૦૦ |
| વાર્ષિક | ૨૦૦ | ૩૦૦૦ |

## પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય દ્વારા મહાકુંભપર્વ-નાસિક-૧૯૯૧ માં ચાતુર્માસ દરમ્યાન કરેલ પ્રવચનામૃત



**ગતાંકથી ચાલુ....**

'સદ્‌ગુરૂજીએ સાનમાં સમજાવ્યું કે મુને ભાસ્યો છે બ્રહ્માકાર' કે બ્રહ્માકારનો અર્થ થાય છે સર્વ બ્રહ્મ સ્વરૂપ છે એવી દ્રષ્ટિએ જુવે એનું નામ છે બ્રહ્માકાર.

**જો આપે ભજીએ બ્રહ્મરૂપ તો**
**બ્રહ્મને ભાળીએ જી રે.**

(મૂલદાસ)

તો બ્રહ્મ દ્રષ્ટિએ જુવે એને બ્રહ્મ દેખાય અને જગત દ્રષ્ટિએ જોવે એને જગત દેખાય. તો જો બધુ બ્રહ્મ દ્રષ્ટિએ જોવાની ટેવ પાડે તો-

अध्यात्मयोगाधिगमेन देवं
मत्वा धीरो हर्षशोकौ जहाति ॥१२॥
एतच्छ्रुत्वा संपरिगृह्य मर्त्यः
प्रवृह्य धर्म्यमणुमेतमाप्य।
स मोदते मोदनीयम् हि लब्ध्वा
विवृतम् सद्म नचिकेतसं मन्ये ॥१३॥
॥૧-૨-૧૩॥

જે અત્યંત ગૂઢ પરબ્રહ્મ પરમાત્મા છે એનું શ્રવણ કરીને મનન કરીને હૃદયની અંદર ગ્રહણ જે કરે છે એ મનુષ્ય અત્યંત સુખનો ભાગીદાર થાય છે. એ સૂક્ષ્મ ધર્મથી સૂક્ષ્મ તત્ત્વ સુધી પહોંચી ગયેલો કહેવાય છે. **''स मोदते मोदनीयम् हि लब्ध्वा''** કે આનંદમય પરમાત્માનો અનુભવકરીને બધા ય આનંદમાં રહે છે. **'मोदते'** એટલે આનંદતે. સદાય આનંદ આનંદમાં જ રહે. કોઈ દિવસ એને દુ:ખ રે'તું નથી. એને માટે યમરાજા નચિકેતાને કહે છે તારે માટે એના દ્વાર ખુલી ગયા છે. એટલે તું એને સમજવાનો અધિકારી થઈ ગયો છો. તારે માટે તું એને માટે યોગ્ય છો એટલે ધ્યાનથી તું એની અંદર બુદ્ધિને લગાડ. તો જેને સદ્‌ગુરુ તરફ વિશ્વાસ હોય જેને વિવેક, વૈરાગ્ય, શમદમાદિ સંપત્તિ હોય એને તો બ્રહ્માનંદના અધિકારી કહેવાય છે. બીજા જીવો પામર જીવો હોય, વિષયી જીવો હોય એવા જીવો બ્રહ્માનંદનો લાભ લઈ શકતા નથી.

**પામર પ્રભુ રસ તે શું પીવે,**
**પીવે પ્રભુના રે જન (૨)**
**પામર પ્રભુ રસ તે શું પીવે,**

તો 'હરિજન હરિ રસ પી શકે' જે ભગવાનના થાય એ ભગવાનનો લાભ લઈ શકે એટલે પ્રથમ રોજ અભ્યાસ કરવો કે આપણે પરમાત્માના છીએ. આપણી અંદર, ઉપર, નીચે બધે પરમાત્મા ભરપૂર ભરેલા છે. જે જુવો એ બ્રહ્મ જે સાંભળો એ બ્રહ્મ જેમાં હાલો એ બ્રહ્મ જેના આધારે જીવો એ બ્રહ્મ આગળ-પાછળ ઉપર-નીચે સર્વત્ર બ્રહ્મ ભરપૂર ભરી રહેલા છે.

''उपरिष्टात ब्रह्म अधरतः ब्रह्म उत्तरत ब्रह्म
दक्षिणतः ब्रह्म सर्वस्वल्विदं मयंश्च बम्रैव ।''
''नेह नानास्ति किंचन ।''

(કઠ.શ્રુતિ-૨-૧-૧૧)

''मृत्योः स मृत्युमाप्नोति य इह नानेव पश्यति ।''

(૨-૧-૧૦)

તો પરમાત્મા ઉપર-નીચે, ઉત્તરમાં, દક્ષિણમાં

સર્વત્ર બ્રહ્મ ભરપૂર ભરેલા છે. એક જ બ્રહ્મ બધા રૂપમાં દેખાય રહેલા છે. જુદુ જે જોવે છે એ ભયનો ભાગીદાર થાય છે.

**'उदरमन्तरं कुरुते । अथ तस्य भयं भवति ।'**

(તૈતિ.શ્રુતિ.-૨-૭)

જે થોડું કંઈ પણ અંતર કરે છે પરમાત્માથી જુદાપણું રાખે છે એ ભયના ભાગીદાર થાય છે. એને વારંવાર મરવું પડે છે ને વારંવાર જન્મવું પડે છે. એટલા માટે પરમાત્માને અખંડ સ્વરૂપે જોવા.

**અખંડ સ્વરૂપે પ્રભુને ઓળખ્યા રે,**
**સરીયાં મારાં સઘળાં કાજ રે,**
**સદ્ગુરુને શરણે આવતા રે.**
**આનંદ વાદ્યોને રંગ ઉલટ્યો રે,**
**પ્રગટયા છે પૂરણ બ્રહ્મ રે, સદ્ગુરુને...**

(આનંદ)

પૂરણ બ્રહ્મ પરમાત્મા પૂર્ણ છે એ અનૂભુતિ જેને દ્રઢ થઈ જાય એ કોને થાય કે જે લોકો અધિકારી બને. (યમરાજા) નચિકેતાને કહે છે તારા માટે એ દરવાજા ખુલી ગયેલા છે. ત્યારે નચિકેતા કહે છે કે-

**सर्वातीत वस्तु विषयक प्रश्न**

**अन्यत्र धर्मादन्यत्रा धर्मादन्यत्रास्मात्कृताकृतात् ।**
**अन्यत्र भूताच्य भव्याच्य यत्तत्पश्यसि तद्वद ॥१४॥**

**॥१-२-१४॥**

નચિકેતા કહે છે કે, **''अन्यत्र धर्मादन्यत्र-अधर्माद''** જે તત્ત્વ ધર્મ અને અધર્મ બંનેથી જુદું છે. **''अन्यत्रास्मात्कृताकृतात् ।''** જે કરવું ને અકરવું બંનેથી જે જુદું છે. **''अन्यत्र भूताच्य भव्याच्य''** જે ભૂતકાળને ભવિષ્યકાળ બંનેથી પણ જે જુદું છે. **''यत्तत्पश्यसि तद्वद ।''** કે એવું જે તત્ત્વ છે એ મને સમજાવો. નચિકેતાએ કહ્યું કે પરમાત્માનું સ્વરૂપ ખરું સ્વરૂપ સમજાવવાનો અભિપ્રાય છે. જે કાળમાં નો આવે, કર્મમાં નો આવે, ધર્મમાં નો આવે, કોઈ બંધનમાં આવે નહિ એવાં નિર્બંધ પરમાત્માને સમજાવો. એમ નચિકેતાએ પ્રાર્થના કરી ત્યારે યમરાજા એને બતાવતા કહે છે કે-

**ओङ्कारोपदेश**

**सर्वे वेदा यत्पदमामनन्ति**
**तपांसि सर्वाणि च यद्वदन्ति ।**
**यदिच्छन्तो ब्रह्मचर्यं चरन्ति**
**तत्ते पदम् संग्रहेण ब्रवीम्योमित्येतत् ॥१५॥**

**॥१-२-१५॥**

જે પરમાત્માને **''सर्वे वेदा यत्पदमामनन्ति''** જે પદનું સર્વે વેદો વર્ણન કરે છે અને જે પરમાત્માને માટે સર્વ પ્રકારના તપો કરવામાં આવે છે. જે પરમાત્માની અનુભૂતિ કરવા માટે બ્રહ્મચર્યો વગેરે પાલન કરવામાં આવે છે એને સંક્ષેપમાં તમે કહો કે- **'ओमित्येक तत्'** એ ૐ છે.

**તમે ૐ બોલો (૨),**
**મિથ્યા ભાષણ મનથી મૂકી દીજે,**
**ચિંતવો બ્રહ્મરૂપ (૨),**
**બીજું તે ચિંતવન શું કરવા દીજે.**

(સ્વામી પ્રીતમદાસજી)

**ओमित्येकाक्षरं ब्रह्म, व्याहरन्मामनुस्मरन् ।**
**यः प्रयाति त्यजन्देहं, स याति परमां गतिम् ॥१३॥**

ભગવતગીતા-૮-૧૩

શ્રીમદ્ ભગવદ્ ગીતાના આઠમાં અધ્યાયમાં ભગવાને પણ કહ્યું કે-**''ઓમિત્યંકાક્ષરં બ્રહ્મ''** કે 'ૐ' એ અક્ષર બ્રહ્મ સ્વરૂપ છે. એનું વર્ણન વેદોમાં કરે છે. એ પદ મેળવવા માટે ૐ પદ બ્રહ્મપદ મેળવવા માટે બધા તપ કરવામાં આવે છે અને એને જાણવા માટે જ બ્રહ્મચર્યનું પાલન કરીએ ગુરુના ચરણની સેવા કરવામાં આવે છે. એ પદ છે 'ૐ પદ' કયું પદ ? બોલો ? ૐ પદ એટલે-

**ૐ સોહં શબ્દ તો નાભિથી ઉઠે,**
**શૂન્ય શિખર પર જાય રે,**
**સોહાગી જીવ, આરે અવસરીએ જેણે સદ્ગુરુ સેવ્યા.**

(હરિદાસ)

ૐ શબ્દ 'ૐ સોહં શબ્દ તો નાભિથી ઉઠે' જેણે સદ્ગુરુની સેવા કરી હોય જેણે ઉપનિષદોનો અભ્યાસ કરીને દ્રઢ સમજ્યો હોય એ 'ૐ એ બ્રહ્મ સ્વરૂપ છે. ઉત્તમમાં ઉત્તમ સ્થિતિ છે' તો ૐ માં સ્થિર થઈ જાય એને ૐ ની અનૂભુતિ થાય ૐ નું જ્ઞાન થાય. બીજા બધા એમનામ રખડતા ફરે છે. એટલા માટે ૐ નું ચિંતન કરવું કે-

**ૐ ૐ ગાજે સદાય પ્રીતે ગાજે,**
**તું ૐ ૐ ગાજે સદાય પ્રીતે ગાજે,**

**ન્હાજે તું જ્ઞાનગંગ ન્હાજે,**
**સદાય પ્રીતે ગાજે તુ ૐ ૐ ગાજે,**
**ૐ એજ બ્રહ્મરૂપ ૐ એ અનાદિ રૂપ,**
**ૐ રૂપ મોહી સમાજે, ગાજે તું ૐ ૐ ગાજે,**
**ગાજે સદાય પ્રીતે ગાજે, તું ૐ ૐ ગાજે.**

(આનંદઘન)

ૐ એ જ પરમાત્માનું ખરું સ્વરૂપ છે. 'ૐ' એ પરમાત્માનું નામ છે અને બધા મંત્રોનું બીજ 'ૐકાર' છે. એટલા માટે તો આ બ્રહ્માજીના મુખમાંથી 'ૐ' અને 'અથ' શબ્દ નીકળ્યા.

**ओंकारश्चाथराब्दश्च द्वावेता बह्मणः पुरा ।**
**कण्ठं भित्त्वा विनिर्यातौ तस्मान्माङ्गभिकावुभौ ॥**

એટલા માટે નાના બાળકોને 'ૐ ૐ ૐ ૐ' માતા-પિતાએ બાળકને નાનપણથી જ શીખવાડવું અને ગઢપણમાંય છેલ્લે છેલ્લે 'ૐ' જ નાનો મંત્ર ટુંકો બોલવો. ને શ્વાસે શ્વાસે ૐ સોહં ૐ સોહં સોહં નું સ્મરણ હંમેશા કરતું રહેવું જોઈએ. શ્વાસે શ્વાસે ઉપર ચડે ત્યારે 'સો' થાય ને નીચે ઉત્તરે ત્યારે 'અહમ' થાય. સોહં માં 'સો' માંથી 'સ' કાઢી નાખો ને છેલ્લો 'હ' કાઢી નાખો તો કેવળ 'ઓમ' રહે. 'સોહં' માંથી પણ 'ઓમ' માત્ર રહે. એટલા માટે 'સોહં સોહં' કરે યા તો 'ઓમ ઓમ' કરે. જે લોકો ગુરુ દ્વારા સમજયા હોય એને લાભ થાય સમજયા વગરનું એકલું કર્યા કરે એને લાભ થતો નથી. એટલે ગુરુગીતામાં શિષ્યના કર્તવ્યોમાં લખ્યું. ગુરુની સેવા કરીને હંસ મંત્ર પ્રાપ્ત કરવો. તો એનું (હંસમંત્રનું) નામ 'સોહં'. 'સોહં' નું નામ હંસ મંત્ર છે. પણ એને ગુરુ દ્વારા બરોબર સમજવો જોઈએ. એને સારી રીતે જીવનમાં ઉતારવો જોઈએ. જે લોકો બરાબર અભ્યાસ કરે છે એ એનાથી ઉપર ઉઠે એટલે એ 'ના ધર્મમાં આવે ન અધર્મમાં' 'નો એને કાળ હોય કે કર્મ હોય' 'ન એને કરવું પડે કે અકરવું પડે' એતો ચોવિસો કલાક જાપ ચાલુ જ રહે છે.

**''એકવીસ હજાર છસો ધમેણ સાધી,**
**જાપ અજપા જપાય રે–સોહાગી જીવ**
**આરે અવસરી એ જેણે સદ્‌ગુરુ સેવ્યા.''**

(આનંદઘન)

**''અજપા નામ ગાયત્રી યોગીના મપી દુર્લભઃ''**

કે જે અજપા છે એ ગાયત્રી ગાવા વાળાને ત્રાણ કરવા વાળી છે. એ યોગીઓને પણ મળવી દુર્લભ છે.

**જેને માટે રે જોગીયા, વનમાં પૂરે રે વાસ,**
**સાધન સાધે બહુ ભાતનાં, કષ્ટે કરતાં સંન્યાસ,**
**સુખની સીમા તે શું કહું,**
**સુખની સીમા તે શું કહું,બ્રહ્મ ગુરુ સંતની મેહેર (૨)**
**આનંદ સાગર ઉલટ્યો, થઈ છે લીલા રે લેહેર (૨)**
**સુખની સીમા તે શું કહું,**

(ભક્ત પુરૂષોત્તમજી)

તો સતપુરુષોની પાસે બેસીને જે બ્રહ્મ તત્ત્વને બરોબર સમજે છે. કે બ્રહ્મનું સ્વરૂપ છે 'ૐ' એટલે ૐ ને ગુરુ દ્વારા બરોબર ધ્યાનથી સમજીને નિરંતર 'સોહં સોહં' જાપ થયા કરે છે. તો અજપા છે એ ધર્મ-અધર્મ, કર્મ-અકર્મ બધાથી પરે શુદ્ધ બ્રહ્મ સ્વરૂપ છે. એટલા માટે પરમાત્માનું એજ ખરું આલંબન છે.

**एतद्धयेवाक्षरं ब्रह्म एतद्धयेवाक्षरं परम्।**
**एतद्धयेवाक्षरं ज्ञात्वा यो यदिच्छति तस्य तत्॥१६॥**
**॥१-२-१६॥**

**''एतद अक्षरं ब्रह्म''** કે જે ૐ છે ને એજ બ્રહ્મ સ્વરૂપ છે. એટલા માટે ૐ ને સમજો ને ૐ ૐ કર્યા કરો એટલે ૐ તમને ચોવિસો કલાક મળેલા છે. તમે બ્રહ્મ સ્વરૂપ છો એટલા માટે સોહં સોહં કર્યા કરો. એટલે બ્રહ્મ પછી કયાંય લેવા જવા પડતા નથી. બ્રહ્મ આઘા નથી બ્રહ્મ મોંઘા નથી બ્રહ્મ પારકા નથી. પરમાત્મા સમીપમાં છે પોતાના છે હંમેશા મળેલા છે. એટલા માટે ચોવીસો કલાક પરમાત્મા આપણી પાસે છે એમ અભ્યાસ કરવો. અને એને ૐ ૐ રૂપે યાતો સોહં સોહં સ્વરૂપે જપ કરવો. તો સોહંમાંથી ૐ રહે એટલે ૐ કહીએ. સોહંમાંથી 'સ' અને 'હ' કાઢી નાખો તો છેલ્લે 'ઓમ' જ માત્ર બાકી રહે યાતો પેલા ગુરુ દ્વારા હ સમજવો એટલે સોહં સોહં કરે. એટલા માટે હંસ મંત્ર ગુરુ સેવીએ તેની પાસે સોહં મંત્ર-જયારે ગુરુસેવા કરે ત્યારે ગુરુ તેને હંસ મંત્ર પ્રદાન કરે અને એમાં 'હ' અને 'સ' કાઢી નાખવાથી કેવળ 'ઓમ' માત્ર બાકી શેષ રહી જાય છે. નિરંતર પછી સોહં સોહં જે સ્મરણ થાય અને ૐ ૐ રૂપે કરે તોય પોતે બ્રહ્મરૂપ થઈને બ્રહ્મને ભજે છે. જુદાપણું રહેતું નથી. નદી જેમ સાગરમાં ભળીને સાગર બની જાય છે એમ સાધક

પરમાત્માના રૂપમાં લીન બની જાય છે. તો નામ, રૂપ, ગુણ, જાતિ, કર્મ, તમામ ધર્મ-અધર્મ બધાને છોડી અને સદાય હું ૐ સ્વરૂપ બ્રહ્મ સ્વરૂપ છું બધુ જ બ્રહ્મ સ્વરૂપ છે એવું ચિંતન કરવું. પછી હું આ ધર્મનો છું. આ સંપ્રદાયનો છું. આ ગામનો છું, ને આ જાતિનો છું ને આ કુળનો છું ને આ કુટુંબનો છું એ બધામાં ફસાઈ રહેવું નહીં. જયાં સુધી આ જાતિનો છું ને આ કુળનો છું આ ગામનો છું ને હું ખેડૂત છું, હું વેપારી છું ને હું આ છું એમ દેહને હું માન માન કરે ત્યાં સુધી દેવને જોઈ શકતો નથી. એટલા માટે દેહ ભાવ છોડવો.

**દેહાધ્યાસ તારો ગુરુજી હટાવે,**
**માંસ રૂધિરનો મોહ મટાડે,**
**ચિત્તને સમાવે શુદ્ધ ચૈતન્યમાં,**
**રહો મસ્ત સદાગુરુ જ્ઞાનમાં,**
**જરા સમજો તો સમજવું સાનમાં,**
**રહો મસ્ત સદા ગુરુ જ્ઞાનમાં,**

કે સદાય પરમાત્માના જ્ઞાનમાં રહેવું. ગુરુ જે જ્ઞાન બતાવે એને હૃદયમાં ધારણ કરવું. ઉપનિષદોનો અર્થ અનુભવ કઠણ હોય છે ગુરુ કૃપા હોય એને સમજાય છે.

**ઉપનિષદનો અર્થ અનુભવ,કઠણ કળી ન શકાય;**
**બુદ્ધિ બળથી તે નવ બેસે, સદ્‌ગુરુથી સમજાય;**
**શરણ લે ગુરુપાદનું પ્રાણી,મરમની વાત સમજ શાણી;**
**તુરીયપદ નિર્ગુણ નિરાકારી;-બ્રહ્મ સદ્‌રૂપ સુખાકારી.**
(શ્રી જયદેવજી)

તો ખાસ કરીને ધ્યાનથી યાદ રાખો ઉપનિષદનો અભિપ્રાય છે કે ઊંચામાં ઊંચું જ્ઞાન જે બ્રહ્મજ્ઞાન તત્ત્વજ્ઞાન જે ગુરુના વચનમાં વિશ્વાસ રાખે એને સમજાય છે. બહારથી તર્ક-વિતર્ક કર્યા કરે એને સમજાતું નથી. એટલા માટે સદ્‌ગુરુના વચનોમાં પૂરો વિશ્વાસ કરવો.

**શ્રદ્ધાવાંલ્લભતે જ્ઞાનં, તત્પરઃ સંયતેન્દ્રિયઃ,**
**જ્ઞાનં લબ્ધ્વા પરાં શાન્તિ-મચિરેણાધિગચ્છતિ.**
(ગીતા-અ-૪-૩૯)

श्रद्धा विहिनस्य न तु प्रवृति।
प्रवृति हिनस्य न साध्य सिद्धिः।
अश्रद्धयेवा भिहितास्थलोके।
मज्जन्ति संसार महा समुद्रे॥

તો શ્રદ્ધાવાન જલ્દી તરી જાય છે. શ્રદ્ધા વગરના હોય એને પ્રવૃતિ થતી નથી પ્રવૃતિ થયા વિના પોતાના સોહં ભાવમાં બ્રહ્મ ભાવમાં જીવ સ્થિર થઈ શકતો નથી. એટલે તરતો નથી. તો શ્રદ્ધા જે ન હોવાથી જીવ અધોગતિમાં જાય છે. એટલા માટે દ્રઢ શ્રદ્ધા કરવી. વેદો કહે છે કે **'તત્ત્વમસિ.'**

**વૈશાખે જોતા વેદમાં, મહાવાક્યનું જ્ઞાન;**
**તત્ત્વમસિ તે તુંજ છે, અળગો નહિ અન્ય;-**
**સાંભળ શુદ્ધ ચિત્તે કરી.**
**વાયુને ખોળે વંટોળીયો, એમ ઈશ્વર જીવ;**
**વસ્તુ વિચારતાં એક છે, સમ સૂત્ર સદૈવ;-**
**સાંભળ શુદ્ધ ચિત્તે કરી.**
**સતંતર અંતર નહિ, બાહ્યભીતર બ્રહ્મ;**
**એમ જાણે તે ઉપાસના, એ છે મોટો મર્મ;-**
**સાંભળ શુદ્ધ ચિત્તે કરી.**
(સ્વામી પ્રીતમદાસજી)

કે 'સતંતર અંતર નહિ' ઉપર-નીચે બધે બ્રહ્મ ભરપુર ભર્યા છે.

**ચૌદશે એક ચરાચર રે, અખંડ અવિનાશી,**
**બાહ્ય ભીતર ભરીયા રે, જુઓ તનમાં તપાસી,**
**પુનમે પરમાત્મા રે, પુરણ કરી પેખો,**
**એમ વસે પ્રભુ સહુમાં રે, હસ્તામલ દેખો.**
(સ્વામી પ્રીતમદાસજી)

જેનો આધાર એનો અક્ષર છે 'ૐ' 'ૐ' 'ૐ' કરવું. બીજા બધા નામ, રૂપ, ગુણ, જાતિ, કુળ બધાનો ત્યાગ કરી અને બધાની ઉપર ઊંચામાં ઊંચુ 'ૐ' છે એવો દ્રઢ અભ્યાસ કરવો. પૂર્વાગ્રહ ન રાખવો. ઘણાં કહે કે અમે તો આ કરતાં હતા ને આ ને આ કર-કર કરીએ છીએ. કંઈ આગળ વધવું નથી. જીવ પૂર્વાગ્રહને જે પકડી રાખે એ કોઈ દિ' બ્રહ્મભાવમાં જઈ શકતો નથી. એટલા માટે પેલા કરતાં હોય એ ભલે કરે પણ અત્યારથી સમજયા ત્યારથી સવાર કરી અને શુદ્ધ બ્રહ્મભાવમાં જેને સ્થિર થઈને જેને ઉપનિષદોનું રહસ્ય સમજાતું હોય એને સદાય સોહં સોહં સ્મરણ કરવું. **'તમે ૐ બોલો'** કે ૐ કારનું સ્મરણ એ જ જીવનું પરમ સ્મરણ કરવા યોગ્ય છે એટલે બધા મંત્રોનો મહાન બીજ મંત્ર ૐ કાર છે.

एतदालम्बनम् श्रेष्ठमेतदालम्बनं परम्।
एतदालम्बनं ज्ञात्वा ब्रह्मलोके महीयते ॥१७॥
॥१-२-१७॥

યમરાજા નચિકેતાને કહે છે **''एतदालम्बन श्रेष्ठम्''** કે જે બ્રહ્મનું ૐ કારનું આલંબન એટલે ૐ નો આધાર લઈને નિરંતર બ્રહ્મમય રહેવું એ જ બધા કરતાં શ્રેષ્ઠ છે. તો કોઈ કહે કે આ નામ સારું ને કોઈ કહે આ નામ સારું. તો ઉપનિષદો કહે એ સાચું કે વ્યક્તિગત કહે એ સાચું ? નક્કી કરો, બોલો ! કેમ કે ૐ એ કોઈના ઉપનિષદોના બનાવેલા નથી. જયારે પાછળ તો સવસવના સવ સારું જ કહે કોઈ કોઈનું કોઈ મોળું કહેતું જ નથી. વાસ્તવિકમાં નામ-રૂપનો બાદ કરો તો બધું એક જ છે. જુદું કાઈ છે જ નહીં. પણ જે અખંડતા બતાવતું હોય એ ઉત્તમ કહેવાય. એ આપણી સંસ્કૃતિના મહાવાક્યો કહેવાય જે અખંડ ભાવ બતાવે જુદાપણું નો રાખે. જેમાં જુદાપણું આવેને એ ખંડિત કહેવાય એટલે એ પાખંડ કહેવાય એ કોઈ દિ' લાભ કરતો નથી. કેમ કે પૂર્ણ ના આવે. પાખંડ એટલે થોડો ખંડ જ આવે એમાં પૂર્ણ ભાગ આવતો નથી. જયારે આમાં તો પૂરેપુરું આવે આખું વિશ્વ એની અંદર સમાય જાય એટલે એને મારા-તારા ભગવાન ના કહેવા પડે. શું ન કહેવું પડે ? બોલો ? નકર પૂછે, તમારા ભગવાન ક્યાં ઘણાં બોલે તમારો ધર્મ કયો ? તો ધર્મ ને ભગવાન તૂટતા ન ફુટતા નથી. જેને તૂટતા હોય એને સમજવું કે હજી ખંડમાં છે. પૂર્ણમાં નથી. મારા-તારા જયાં થાય ત્યાં સમજવું કે હજી એ ખંડમાં છે. શેમાં છે ? બોલો ? કે તમે કયા દેશના ? કયા દેશના ? એટલે ખંડમાં છે. તમે, આ યુરોપ ખંડમાં છો ને કોઈ ભારત ખંડમાં છે ને કોઈ અમેરિકા ખંડમાં છે પણ સર્વ વિશ્વમાં રહેવાવાળા જે આખા વિશ્વ વ્યાપક પરમાત્મા છે એને કોઈ મારું-તારું નથી.

**મંદિર તારું વિશ્વ રૂપાળું સુંદર સર્જનહારા રે,**
**ઘટઘટ મેં તુજ દર્શન પાવું, દેખે દેખનહારા રે,**
**મંદિર તારું વિશ્વ રૂપાળું સુંદર સર્જન હારા રે.**

હવે, ૐ રૂપી જે આલંબન એ પરમાત્માનું નામ છે. પરમાત્માનું સ્વરૂપ પણ એ છે. એટલે એનું આલંબન લેવું એ શ્રેષ્ઠ છે. એમ ઉપનિષદો કહે છે **''एतदालम्बनम् श्रेष्ठमेतदालम्बनं परम् ।''** આ આલંબન બધાથી પર એટલે પેલું હતું. બધાં કરતાં પેલું કોણ આલંબન ? બોલો ? તમે, આપણે જેના જેના નામ બોલો છોને એ કોના નામ લેતાં હશે ! નક્કી બોલો ! દુનિયા જેના જેના નામ લે છે ને તો એ કોના નામ લેતા હશે ! આપણે શિવ કહીએ તો શિવ કોને કહેતા હશે ! રામ કહીએ તો રામ કોનું નામ લેતા હશે ? કૃષ્ણ કહો તો કૃષ્ણ કોનું નામ ! તો તમે ગીતા તો સાંભળો છો. એટલે કૃષ્ણ સ્વયં (ગીતામાં) કહે છે કે **'ઓમિત્યેકાક્ષરં બ્રહ્મ'** સમજાણું, બોલો ? વ્યાસ ભગવાન કોનું નામ લેતા હશે ! એટલે રામ કોનું લેતાં હશે ! કૃષ્ણ કોનું નામ લેતાં હશે ? શિવ કોનું નામ લેતાં હશે ? વિષ્ણું કોનું નામ લેતાં હશે ? તો સમજાય ગયું, બોલો ? બધાનું આલંબન કોણ છે ? 'ૐ' એટલા માટે **'ઓમિત્યેકાક્ષરં બ્રહ્મ'** કે રામ, શિવ, કૃષ્ણ કહો તો એને ૐ માં સમજવું ને ૐ કહો તો બધાને સમજી લેવું કોઈ બાકી રહેતું નથી જેમ કોઈ મનુષ્ય બોલેને તો બધાય આવી જાય બ્રાહ્મણ, ક્ષત્રિય કહો તો એ મનુષ્ય જ છે બીજુ કાંઈ જુદું કાંઈ છે નહીં. એટલા માટે મનુષ્ય કહેવા માત્રથી જેમ બ્રાહ્મણ, ક્ષત્રિય, વેશ્ય, ક્ષુદ્ર તમામ પ્રાણીઓ આવી જાય એમ ૐ કહેવાથી શિવ, રામ, શ્રી કૃષ્ણ, ભગવાન, વિષ્ણુ તમામ દેવ-દેવતાઓ એની અંદર સમાય જાય છે. એટલા માટે જે બીજા મંત્ર કરતાં હોય એ ભલે કરો. પણ ૐ ૐ કરવું યાતો 'ૐ નમઃ શિવાય' યાતો 'ૐ નમો ભગવતે...' યાતો 'ૐ ભૂર્ભુવસ્સુવઃ। તત્સવિતુર્વરેણ્યં...' તો બધા મંત્રોમાં ૐ આવે આવે ને આવે એટલે ૐ એ બીજ મંત્ર છે. ૐ વગરના જાપ ના કરવો અને સચ્ચિદાનંદ બોલોને એય ૐ અર્થ થાય. સત્, ચિત અને આનંદ એટલે ૐ માં 'અ' કાર, 'ઉ' કાર અને 'મ' કાર હોય. ૐ બોલો કે સચ્ચિદાનંદ બોલો. બેય એક સમાન છે. ટૂંકું બોલવું (હોય) તો ૐ ૐ કરવું અને લાંબુ બોલવું હોય અર્થ સહિત, એનો અર્થ ન કરવો પડે એટલે સચ્ચિદાનંદ બોલવું કેમ કે ૐ માં પછી અર્થ કરવો પડે. સચ્ચિદાનંદમાં પછી અર્થ કાંઈ કરવો પડતો નથી. કેમ કે સતએ પ્રગટ છે ને ચૈતન્ય ય પ્રગટ છે ને આનંદ ય બધાને જોઈએ છે. કોઈને સતને બદલે અસત જોતું નથી ચેતનને બદલે જડ કોઈને ગમતું નથી. આનંદને બદલે દુઃખ કોઈને ગમતું નથી એટલા માટે આ સચ્ચિદાનંદ સ્વરૂપે પરમાત્મા ભરપૂર બધામાં છે અને ૐ ૐ કરો ત્યારે ૐ નો અર્થ સચ્ચિદાનંદ બ્રહ્મ સમજવો.

**ક્રમશ...**

## ❁ બાલ દેવો ભવ:

લવજીભાઈ કે. સવાણી
(નાવડા)

પ્રત્યેક માતા-પિતાની ઈચ્છા હોય છે કે મારું બાળક શ્રેષ્ઠ બને. સંપૂર્ણપણે વિકસિત થાય. એ માટે મા-બાપ કંઈ પણ કરવા માટે તૈયાર હોય છે. અને એ સ્વાભાવિક પણ છે. પોતાની બુધ્ધિશક્તિથી એ બાળકનો ઉછેર કરે. પોતાને જે કંઈ નથી મેળવ્યું એ બધુ પોતાના બાળકને મળે અને બાળક સર્વાંગ સંપૂર્ણ બને એનું વ્યક્તિત્વ શ્રેષ્ઠ રીતે વિકસે પણ શ્રેષ્ઠ વ્યક્તિત્વ એટલે કેવું વ્યક્તિત્વ ? આ પ્રશ્નનો જવાબ દરેક દંપતિ પોત-પોતાની સમજણ આધારિત કરી શકશે. કોઈ કહેશે મારો દીકરો ડૉક્ટર થવો જોઈએ, એન્જિનીયર, વકીલ થવો જોઈએ..વગેરે...વગેરે...

પણ હિન્દુ જીવન દર્શનના આધારે જોઈએ તો મનુષ્યનો સર્વાંગીણ વિકાસ એટલે (૧) શારીરિક વિકાસ (૨) પ્રાણિક વિકાસ (૩) માનસિક વિકાસ (૪) બૌધ્ધિક વિકાસ (૫) આત્મિક વિકાસ અને મનુષ્યનું વ્યક્તિત્ત્વ એટલે (૧) અન્નમય કોશ (૨) પ્રાણમય કોશ (૩) મનોમય કોશ (૪) વિજ્ઞાનમય કોશ (૫) આનંદમય કોશ.

તમને થશે કે આટલા ભારે ભરખમ શબ્દો. પણ આ સમજવા અત્યંત જરૂરી છે અને તે સમજાશે તો આપણે શ્રેષ્ઠ મનુષ્યની વ્યાખ્યા સમજી શકીશું અને તો જ આપણે આપણા બાળકમાં શ્રેષ્ઠ સંસ્કારોનું ચિંતન કરી શકીશું.

પેલી કહેવત છે ને 'કૂવામાં હોય તો હવાડામાં આવે.' આપણે એ સમજતા રહેવાનું છે કે શ્રેષ્ઠનું નિર્માણ કરવા આપણને બધુ જ શ્રેષ્ઠ જોઈશે. જેમ કે ઘર, પરિવાર, વિદ્યાલય, વાલી અને સમાજ.

શ્રેષ્ઠ મનુષ્યના નિર્માણ માટે ચાણક્યએ એક શ્લોક આપ્યો છે. તે બરાબર ધ્યાનથી વાંચો.

**''લાલયેત પંચવર્ષાણિ, દશવર્ષાણિ તાડયેત્,**
**પ્રાપ્તેતું ષોડશે વર્ષે પુત્રં મિત્રં સમાચરેત્.''**

આ શ્લોકનો અર્થ છે. પાંચ વર્ષ સુધી લાલન-પાલન કરવું ત્યાર પછી દસ વર્ષ સુધી તાડન કરવું. એટલે વિવેક બુધ્ધિનો વિકાસ કરવો તો ૧૬ વર્ષની ઉંમરે પુત્ર મિત્ર જેવો સક્ષમ બની જાય છે.

આપણા માટે અત્યારે મહત્ત્વનું છે લાલન પાલન, તો આ લાલન-પાલન એટલે શું ? એ આપણે ઊંડાણથી સમજવા પ્રયત્ન કરીશું.

આમ જોઈએ તો જગતમાં શારીરિક રીતે સૌથી નબળું કોઈ હોય તો તે મનુષ્ય છે. પશુ-પક્ષી કોઈ પણ જુઓ તો એ પોતાની સુરક્ષા કરતાં અત્યંત ઝડપથી શીખી લે છે. ગાયનું વાછરડું જન્મે કે તરત ચાલતા શીખી જાય છે. પક્ષીના બચ્ચા પણ થોડા દિવસમાં ઉડતા શીખી જાય છે. પણ મનુષ્યના બાળકને બેસતા ચાલતા વાર લાગે છે.

શારીરિક ક્ષમતાને જોઈએ તો એવું લાગે પણ આ જ મનુષ્ય હાથીને પણ ચલાવે, સિંહને પણ સરકસમાં કામ કરાવે છે. કારણ કે મનુષ્ય પાસે આ બધા કરતાં મોટું મગજ છે. એની બુધ્ધિ છે અને એને લીધે જ એનું જગત પર વર્ચસ્વ છે. મગજ, બુધ્ધિનાં વિકાસ માટે આપણે એનો ઉછેર શ્રેષ્ઠ રીતે કરવો જોઈએ. જેમ છોડ નાનો તેમ તેની માવજત વધારે કરવી પડે તેજ રીતે બાળકમાં પણ છે.

**(ક્રમશઃ)**

## ❁ બાલસંસાર શિબિર સમાચાર

અમરશીભાઈ કેરીયા

શ્રી માધવાનંદ આશ્રમ, સુરત ખાતે બાળશિબિરનું ૧૦ દિવસનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં પ્રભાતિયા, કીર્તન, શ્લોક અને આરતી શીખવવામાં આવતું હતું. સાથે સાથે દંડવત, સૂર્ય-નમસ્કાર, આસન અને દાવ પણ શીખવતા, શિબિરની તા. ૧૮-૪-૧૬ થી તા. ૨૮-૪-૧૬ સુધીની હતી. રોજ સવારે બાળકો તૈયાર થઈને આવી જતા. સમય સવારે ૭ થી ૮ નો રાખેલ હતો. રોજ ૭૦ થી ૮૦ બાળકોની હાજરી રહેતી. બાળકોના નાસ્તા માટે ખીમજીભાઈ અને સુરેશભાઈ ચોગઠની સેવા બહુ સારી રહી. એક દિવસ પ્રવાસનું આયોજન કરેલું. તેમાં બડાગણેશ, વીર સાવરકરબાગ અને ગાયત્રીમંદિર દર્શને ગયા હતા. છેલ્લા દિવસે લેખિત પરીક્ષા લીધી. તેમાં પાસ થયેલા બાળકોને ઈનામ આપવામાં આવેલ, ઈનામના દાતા શ્રી વાલજીભાઈ માંગુકીયા (દડવા) હતા. બાળકોને દસ દિવસ બહુ જ મજા આવી.

તા. ક. શ્રી માધવાનંદ આશ્રમના સેવક ભાઈ-બહેનોના બાળકોની હાજરી બહુ ઓછી હતી. તો આપણા સેવક ભાઈ-બહેનોના બાળકો વધારે લાભ લે તે માટે બાળ શિબિરમાં મોકલવા વિનંતી. દર રવિવારે ૭ થી ૮ એક કલાક માટે. સાથે વાલી પણ આવી શકશે.

સ્થળ : શ્રી માધવાનંદ આશ્રમ,
ઉદયનગર-૧, કતારગામ રોડ, સુરત.

# મળી છે જીંદગી તો, એને જીવી જાણો...

વસંતબેન ભગવાનભાઈ ભરોડિયા

॥ જય સચ્ચિદાનંદ ॥

**જે થયું નથી એનો અફસોસ શાને કરો છો,**
**આ જિંદગી જીવવા માટે છે,**
**આમ રોજ રોજ શાને મરો છો ?**

દિવસ પુરો થયો ત્યારે દિવસ ચાલ્યા ગયાનો અફસોસ ન થવો જોઈએ. જે લોકો દરેક દિવસને પુરાં આનંદથી વિતાવે છે. જે પોતાની દરેક ક્ષણને હનડ્રેડ પર્સન્ટ આપે છે. તે કયારેય દુઃખી થતો નથી. જયારે માણસને આ દુનિયા ઉપરથી વિદાય લેવાનું થાય ત્યારે તેને આનંદ થવો જોઈએ. જો આપણે આવી રીતે નહી જીવ્યા હોઈ તો જીદંગી બોજરૂપ લાગશે તેથી દરેક દિવસને આનંદથી પસાર કરવો. જે આજે આપણને આનંદ નહી આવે તો આવતી કાલે તેનો સંતોષ નહીં હોય, ઊલટું આવતી કાલે પણ ગઈકાલ બગડી તેનો અફસોસ રહી જશે. જિંદગીમાં સમસ્યાઓ, મુશ્કેલીઓ, સવાલ અને અણધાર્યા આંચકા તો આવતા રહ્યા છે અને ભવિષ્યમાં પણ આવવાના જ છે. કોની જિંદગીમાં આ વાતનું પુનરાવર્તન નથી થયું ? આવી પરિસ્થિતી વચ્ચે જે જીવી જાણે છે તેને જીંદગી જીવવાનો સાચો આનંદ મળે છે. કેટલાક વૃધ્ધો કહે છે કે, અમારો કોઈ ભાવ પુછતા નથી. ભાવ પુછવાની વાત એવા લોકો કરે છે જે અમુલ્ય બની શકતા નથી.

**આ દુનિયામાં સંપૂર્ણ સુખી તો કોઈ જ નથી,**
**એક આંખ તો બતાવો મને જે ક્યારેય રોઈ નથી.**

જિંદગીનું નામ જ છે ઝંઝાવાત. તેથી જીવનમાં કયારેય ઓછું ન લાવવું. એક સંગ્રામ છે. જીવન એક યજ્ઞ છે. જીવન એક સાગર છે. જખમો વિના સંગ્રામ હોઈ શકે નહિ. જવાળા વિના યજ્ઞ હોઈ શકે નહિ. તોફાન વિના સાગર હોઈ શકે નહિ. આ બધાને હસતે મુખે આવકારનાર ભક્તિ જ જીવનનો સાચો અર્થ સમજી શકે... આપણે પણ જો સુખી જીવન થવું છે તો તેના વિના અર્થને આપણા જીવનમાં ઊતારવો જ પડશે.

**બસ, એટલું જ કહેવું છે કે, જીંદગીની દરેક ક્ષણ દિલથી માણો.**
**હરીકૃપાથી મળી છે જિંદગી તો એને જીવી જાણો.**

માણસની મોટી એ તકલીફ એ છે કે, મોટા ભાગે તે કાં તો ભવિષ્યકાળમાં અથવા તો ભુતકાળમાં જ જીવતો હોય છે. વર્તમાનને સંખ્યા બહુ જ ઓછી હોય છે. આજે તમે ઘણા માણસોને પુછો કે તમે મંદિરે ગયા હતા. ત્યાં શ્રી કૃષ્ણ ભગવાને કેવા રંગના વસ્ત્રો પહેરાવ્યા હતા. મસ્તકે મુંગટ પહેર્યો હતો કે પાઘ ? ત્યારે ઘણાં માથું ખંજવાળતા હોય છે ? એ મંદિરે ગયો પણ મન તો ધંધાના પ્લાનીંગમાં જ હતું ? તેથી દરેક ક્ષણને દિલથી જીવો. જે સમયે જે કરવાનું તે કરો. ભગવાનની કૃપાથી જીંદગી મળી છે. તો સુખેથી ભગવાનનું ભજન કરીને, તેની મસ્તીથી જીવો. ચિંતાને છોડો, ચિંતા તે ચિતામાં લઈ જશે.

**મોજ કે દિન જિંદગીમાં, આતે હૈ મુશ્કેલ સે;**
**મિજાજા કો ઐસા બનાવો, મોજ હિ દેખા કરે,**
**જેના જીવનમાં મસ્તી નથી, એની કયાંય હસતી નથી,**
**હસતે હસતે જિંદગી પસાર કરવી, એ કયાંય સસ્તી નથી.**

જન્મ અને મૃત્યુની જેમ ઉંમર પણ માણસના હાથની વાત નથી. તમે તમારી જીંદગીને એક ક્ષણ માટે પણ રોકી શકતા નથી. અલબત, તમે તમારી જિંદગીના દરેક ક્ષણ અત્યંત ઉત્કંઠાથી જીવી શકો છો.

આપણી ઉંમર દરમિયાન આપણે ખરેખર કેટલું જીવ્યા હોઈએ છીએ ? બહું ઓછા લોકો સૌએ સો ટકા જીવી શકે છે. આપણે નક્કી કરવાનું છે કે મારે માટે મારા જીવનની દરેક ક્ષણ જીવવી છે.

જિંદગી એ તો ક્ષણોનો પહાડ છે. આ પહાડ ધીરે ધીરે ઓગળતો રહે છે. આ ઓગળતો પહાડની સાથે આપણે જો જીવનનું ઝરણું વહેતું રાખીએ તો જીવનની મજા માણી શકાય છે. જે ઓગળવાની સાથે સુકાઈ જાય છે. તે જીવતા હોય છે. પણ સજીવન નથી હોતા.

**જન્મ, મૃત્યુ જેમ ઉંમર પણ માણસના હાથની વાત નથી,**
**તમે તમારી જીંદગીને એક ક્ષણ માટે પણ રોકી શકતા નથી.**

# ❋ સિંહસ્થ કુંભ વિશે...

લક્ષ્મણભાઈ જે. સોનાણી
(ચકમપર)

**॥ જય સચ્ચિદાનંદ ॥**

પરમ પૂજ્ય પ્રાતઃ સ્મરણીય વિશ્વ વંદનીય શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય ક્ષોત્રિય બ્રહ્મનિષ્ઠ અનંત શ્રી વિભુષિત મહામંડલેશ્વર આ કુંભની છાવણીના પરમ અધ્યક્ષ માધવ પીઠાધિશ્વર સ્વામીજી મહારાજશ્રી સિંહસ્થ કુંભ આપણી ધાર્મિક આધ્યાત્મિક ચેતનાનો મહાપર્વ મેળો છે. પુરાણોમાં કુંભપર્વ મનાવવા માટે અનેક કથાઓ છે. સૌમાં પ્રમાણિક કથા સમુદ્ર મંથનની છે. દેવ અને દાનવોના આપસી સહયોગથી રત્નાકર એટલે સમુદ્રના ગર્ભમાં સંતાએલી અમૂલ્ય સંપાદાઓનું દોહન કરવા નક્કી કરવામાં આવ્યું. મંદરાચંળ પર્વતને મંથની કચ્છપને આધાર અને વાસુકી નાગને મંથની માટે નેત્રુ બનાવ્યું એના મોં ની તરફ દાનવો અને પૂંછડી તરફ દેવતાઓ રહ્યા અને ઘણા ઉત્સાહ સાથે સમુદ્રમંથન શરૂ થયું બન્નેની સંગઠનાત્મક શક્તિના સામે સમુદ્રને ઝુકવુ પડયુ સમુદ્રમાંથી ચૌદ કિંમતી વસ્તુઓ નિકળી જેમને રત્નો કહેવામાં આવ્યા છેલ્લે અમૃતકુંભ નિકળ્યો. અમૃતકુંભને દાનવોથી બચાવા માટે બ્રહસ્પતી ચંદ્રમા સૂર્ય અને શનિને જવાબદારી સોંપવામાં આવી અમૃતકુંભ નિકળવાથી બધામાં ખૂશીનું વાતાવરણ પસરાઈ ગયું. બન્ને દેવતા અને દાનવો પોતાનો થાકલો ભૂલી ગયા. બન્ને પક્ષ એમાં ઘૂંચવાઈ ગયા કે અમૃતકુંભ કળશ કેવી રીતે પોતાના પક્ષમાં લેવો સ્કંદ પુરાણ પ્રમાણે ઈન્દ્રએ પોતાના યુવા પુત્ર જયન્તને કુંભ લઈ નાસી જવા ઈશારો કર્યો તે દાનવો સમજી ગયા પરિણામે દેવો અને દાનવોમાં ભયંકર યુધ્ધ શરૂ થઈ ગયું. આ યુધ્ધ બાર દિવસ ચાલ્યું દેવતાઓનો એક દિવસ મનુષ્યના એક વર્ષ બરાબર હોય છે. એટલે લડાઈ બાર વર્ષ સુધી ચાલી આ લડાઈમાં અમૃત કુંભને પડાવવામાં તેમાંથી અમૃતના અમુક છાંટા છલકાઈને મૃત્યુલોકમાં પડયાં તે મુખ્ય રૂપે મુખ્ય તીર્થ હરિદ્વાર પ્રયાગ નાસિક અને ઉજ્જૈનમાં પડયા આ ખેચતાણમાં દેવતાઓમાં સૂર્ય, ગુરૂ અને ચંદ્ર સફળ થયા અને અમૃત કળશ દેવતાઓ પાસે સુરક્ષિત રહ્યો પછી ભગવાન વિષ્ણુએ મોહિની રૂપ ધારણ કરી દાનવોને ભ્રમિત કરી દેવતાઓને અમૃત પાઈ દીધું. સૂર્ય, ચંદ્ર અને ગુરૂના વિશેષ સહયોગથી અમૃત કળશ સુરક્ષિત રહેવાના કારણે આ ગ્રહોની વિશેષ સ્થિતિઓમાં કુંભ પર્વ મનાવવાની પરંપરા છે ધાર્મિક માન્યતા છે કે અમૃત કળશને પડાવવામાં જે અમૃત બિન્દુ છલકી પડયાં અને તે ગંગા, યમુના, ગોદાવરી અને શિપ્રામાં પડયા હતા અને તે અમૃતમયી બની ગઈ છે. જયારે અમૃતં બિન્દુ નદીયોમાં પડયા ત્યારે જે રાશિઓમાં સૂર્ય, ચંદ્ર અને ગુરૂ હતા તે યોગ જયારે આવે છે ત્યારે કુંભ પર્વ મનાવવામાં આવે છે. જયારે સૂર્ય, ચંદ્ર અને ગુરૂ રાશિનો વિશેષ યોગ બને છે ત્યારે જયોતિષના પ્રમાણે હરિદ્વાર પ્રયાગ, નાસિક અને ઉજ્જૈનમાં કુંભ પર્વ મનાવવાનું વર્ણન વિષ્ણુ પુરાણમાં છે.

ઉજ્જૈનમાં સિંહસ્થ મહાપર્વ મનાવવા બાબતે પુરાવો સિંહસ્થ મહાત્મમાં મળે છે અને દશ યોગ મળે ત્યારે સિંહસ્થ પર્વ મનાવાય અને ત્યારે શિપ્રા નદીમાં નાહવાનો લાભ મળે છે તો દશ યોગ આ પ્રમાણે છે.

(૧) અવંતિકા નગરી (૨) વૈશાખ મહિનો (૩) શુકલ પક્ષ (૪) સિંહરાશિમાં ગુરૂ (૫) મેષ રાશિમાં સૂર્ય (૬) તુલા રાશિમાં ચંદ્ર (૭) સ્વાતી નક્ષત્ર (૮) પૂર્ણિમા તિથ (૯) વ્યતિપાત યોગ (૧૦) સોમવાર. તો આ પ્રમાણે જયોતિષ પ્રમાણે વધારે યોગ તો દરેક વર્ષે આવે છે પણ સિંહરાશિ પર બ્રહસ્પતિ બાર વર્ષે આવે છે તો આ પ્રમાણે શાસ્ત્રો લેખીત પુરાણો બોલે છે બાકી તો બધા સાધુ સંતો પોત પોતાની છાવણી કરીને સત્સંગ કરાવે છે અને જે જેના ધર્મ પ્રમાણોના નિયમો સમજાવે છે અને માનવને કંઈ રીતે સંસારમાં રહેવું અને પરમાત્માને કંઈ રીતે ઓળખવા તેવું સમજાવે છે પરમાત્મા તો બધાયના હૃદયમાં છે જ પરંતુ આપણા જે શત્રુઓ છે. તે આપણને ઓળખવા દેતા નથી. શત્રુ એટલે કામ, ક્રોધ, લોભ, મોહ, ઈર્ષા, વાસના, નિંદા જેટલા અવગુણો છે તે જ આપણા શત્રુઓ છે. તો ધીરે ધીરે તમોગુણથી રજોગુણમાં આવવું અને પછી સત્વગુણમાં આવીને સતસંગ કરવો તેથી વિવેક આવશે અને પછી જ્ઞાન થશે તો જે ગુરૂજી કહે તેવું વર્તન કરીને જ્ઞાનના ભાગીદાર થઈએ.

રેખાબેન આર. મચાણી
(ભાવનગર)

**॥ જય સચ્ચિદાનંદ ॥**

પરમ પૂજ્ય આદરણીય સ્વામીજી શ્રી હરિહરાનંદ સાગરજી મહારાજશ્રીના ભાવનગર મૂકામે તત્ત્વબોધ વિષય સત્સંગ કથા પ્રવચન સાર...

ભગવાન શંકરાચાર્ય નામક તત્ત્વબોધ ગ્રંથ જે છે તેનો વિચાર કરી રહ્યા છીએ.

માનવ જન્મમાં જે ચાર પુરુષાર્થ છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. તેમાં મોક્ષ નામનો પરમ પુરુષાર્થ છે એના સાધકને માટે વેદાંતના સારરૂપ આ પ્રકારે છે જેમાં સામાન્ય મનુષ્યને માટે અતિસંક્ષિપ્ત ગ્રંથની રચના કરી છે. મુમુક્ષુના હિતાર્થ માટે વેદાંતશાસ્ત્રને સમજવા માટે જે જીજ્ઞાસુ છે એના માટે આ તત્ત્વબોધ ગ્રંથ છે.

વેદાંતનો વિચાર મનુષ્યના ભાગ્યથી જ પ્રાપ્ત થાય છે ઘણા મનુષ્યો કહે કે વેદાંતનું જ્ઞાન તત્ત્વજ્ઞાન ખૂબ ઉંડું છે તે સમજાય નહી પણ ન સમજવાનું બહાનું હોય છે. જયાં સ્વાર્થ બુધ્ધિ છે ત્યારે તત્ત્વજ્ઞાન સમજાતુ નથી. વેદાંતની વાત દરેક મનુષ્યએ સમજવી જોઈએ. તેના માટે તૈયારી કરવી જોઈએ. વેદાંતશાસ્ત્રના વિચાર વગર મોક્ષ પ્રાપ્તિ થઈ શકે નહિ. જો આકાશને ચામડાથી શરીરની જેમ લપેટવા કોઈ સમર્થ થઈ જાય તો વેદાંત વિચાર વગર જન્મ-મરણથી મોક્ષ પ્રાપ્તિ કરી શકે પણ આવુ થઈ શકે નહિં એટલે જ મોક્ષ વેદાંતના વિચાર વિના સંભવ નથી. બ્રહ્મસૂત્રમાં આચાર્ય બાદરાયણે પ્રથમ સૂત્ર બનાવ્યું. અથઃ તુ બ્રહ્મજીજ્ઞાસા ભગવાન શંકરાચાર્યએ આનન્તરીય અર્થ કર્યો શું કર્યા પછી બ્રહ્મજીજ્ઞાશા થાય.

તો જવાબમાં કહે છે કે સાધન સંતુષ્ટ સંપન્ન કર્યા પછી બ્રહ્મજીજ્ઞાશા થાય. મનુષ્યએ બ્રહ્મજીજ્ઞાસા માટે ચાર સાધનથી સંપન્ન થવું પડે છે, ઉત્કટ બ્રહ્મજીજ્ઞાસા ન થાય ત્યાં સુધી ક્ષોત્રીય બ્રહ્મનિષ્ઠ ગુરૂની વિદ્યા સમજાતી નથી એટલા માટે ચાર સાધન સંપન્ન થવું જોઈએ.

વિવેક, વૈરાગ્ય, ષટ્સંપત્તિ (શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રધ્ધા અને સમાધાન) અને મુમુક્ષત્વ આ ચાર સાધન સંપન્ન થવું જોઈએ. અને તો જ બ્રહ્મજ્ઞાનનાં અધિકારી થઈ શકે. ભગવાન શંકરાચાર્યએ તત્ત્વબોધનાં મંગલાચરણમાં કહ્યું છે.

**વાસુદેવેન્દ્રં યોગિન્દ્રં નત્વાં જ્ઞાનપ્રદાનં ગુરૂં ।**
**મુમુક્ષાણાં હિતાર્થાય તત્ત્વબોધોભિધિયતે ॥**

જ્ઞાન પ્રદાન કરનાર વાસુદેવરૂપ ગુરૂજીને હું નમસ્કાર કરું છું મુમુક્ષુઓના હિત માટે થઈને તત્ત્વનું જ્ઞાન મારા દ્વારા કહેવામાં આવે છે કારણ કે મુમુક્ષુનું હિત તત્ત્વબોધથી થાય છે. હિત કોને કહેવામાં આવે છે ? તો કલ્યાણને હિત કહેવામાં આવે છે. જન્મ-મૃત્યુની નિવૃત્તિ થાય તેને હિત કહેવામાં આવે છે જો જન્મ-મરણની નિવૃત્તિ થાય તો એ જ સાચુ હિત થાય છે. હીત એટલે લાભ. આલોકના લાભ, પરલોકનાં લાભ. આલોક એટલે સંસારના લાભ. પરલોક એટલે બ્રહ્મલોક. બ્રહ્મલોક પણ સંસાર જ છે. ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું છે કે બ્રહ્મભુવન પર્યંતના જે જીવો છે તેને પાછું આવવું પડે છે.

સંસારનો અર્થ સંસરણ, ગમન થયા કરે, જેનું ગમન મૃત્યુ તરફ હોય તેને સંસાર કહેવાય. બ્રહ્મલોકમાંથી પણ જીવને પાછું આવવું પડે છે મૃત્યુ પછી જે લોકની પ્રાપ્તિ થાય તે શાશ્વત નથી. તે ક્રિયાજન્ય છે અને જે ક્રિયાજન્ય છે. તેનો નાશ થઈ જાય તે નક્કી છે. કર્મથી ગમે ત્યાં જીવ જાય તો તેને કર્મના ફળરૂપે ત્યાંથી પણ પાછું આવવું પડે છે. વૈદિક કર્મદ્વારા ઈષ્ટિકર્મ, પૂર્તકર્મ અને દત્તકર્મ કરી મનુષ્ય સ્વર્ગમાં જાય છે. સ્વર્ગ એટલે કોઈ વિશેષ જગ્યા નહિં પણ પૂણ્યનું ફળ તેને સ્વર્ગ કહેવામાં આવે છે. પાપકર્મનું ફળ નરક કહેવામાં આવે છે. પૂણ્યનું ફળ સુખ છે. પાપ કર્મનું ફળ દુઃખ કરે છે. સ્વર્ગ અને નરક શાસ્ત્રબોધિત છે. શાસ્ત્ર પ્રમાણે કહ્યું છે કે અધર્મનું આચરણ કરે તો દુઃખ મળે અને ધર્મનું આચરણ કરે તો તેનું ફળ સુખ છે. સવાપાંચ હજાર વર્ષ પૂર્વે ભગવાન શ્રી કૃષ્ણે કહેલું છે સકામ કર્મ અને સકામ ઉપાસનાથી ફળ મળે છે તે લોકોને ફળની સમાપ્તિ થયે આલોકમાં જ પાછું આવવું પડે છે. નિષ્કામ કર્મ અને નિષ્કામ ઉપાસના પછીની ફળની પ્રાપ્તિથી મોક્ષ મળે છે. માટે મનુષ્ય જીવે જીવતાં જ મોક્ષ જેના દ્વારા થાય છે એ આત્મજ્ઞાનમાં જ શ્રધ્ધા કરવી જોઈએ. વેદાંતનો જે મોક્ષ છે તે જીવતા જ પ્રાપ્ત થાય છે મર્યા પછી નહિ. કર્મને અનુલક્ષીને મનુષ્યના કર્મ પ્રમાણે ચાર પ્રકાર કહેલા છે. (૧) સ્વભાવિક કર્મ કરવાવાળો એટલે મનને ગમે તેવા કર્મ કરવાવાળો મનુષ્ય. (૨) વૈદિક કર્મ કરવાવાળો એટલે વેદ બોધિત કાર્ય ગૃહસ્થાશ્રમમાં વેદ

બોધિત કર્મ કરવાવાળો મનુષ્ય (૩) ઉપાસના કર્મ કરવાવાળો એટલે વૈદિક અથવા પૌરાણીક ઉપાસના કર્મ કરનાર મનુષ્ય (૪) જ્ઞાની એટલે જેને આત્માનું જ્ઞાન છે, બ્રહ્મજ્ઞાન, પરમાત્માનું જ્ઞાન, વેદનું જ્ઞાન છે તેવો મનુષ્ય.

(૧) સ્વભાવિક કર્મ કરવાવાળો મનુષ્ય પોતાને ગમે તેવા પ્રકારની ઉપાસના કરે અથવા આહાર, નિંદ્રા, ભય મૈથુન આ ચાર ક્રિયા કરે, જે કીટક પશુ પ્રાણીની અંદર પણ આ કાર્ય છે. જો મનુષ્ય આ ચાર કર્મ પૂરતો જ જીવે અને આ ચારને પ્રાપ્ત કરવા એ જ મનુષ્યનું જીવન છે તો એના માટે મૃત્યુ પછી જન્મે છે અને ફરી મૃત્યુ પામે છે એ જ ગતી વારંવાર થાય છે જન્મે અને મરે છે પણ બીજા પ્રકારનો મનુષ્ય. (૨) વૈદિક કર્મોનું પાલન કર્યુ છે તેનું ગૃહસ્થાશ્રમ પ્રમાણે વૈદિક કર્મોનું પાલન સકામ ભાવથી કર્યા હોય તો તે સ્વર્ગનો (સુખનો) ભાગીદાર છે અને તેને ફળની સમાપ્તિ થતા વળી પાછો દુઃખ પામે છે અને જો નિષ્કામ ભાવથી કર્મ કરે તો તેનું અંતઃકરણ શુધ્ધ થાય છે. ગૃહસ્થાશ્રમી વ્યક્તિનું મૃત્યુ થાય તો તેને મૃત્યુ પછી તેના નામ આગળ સ્વ. એટલે સ્વર્ગવાસી લગાડે છે. કારણ કે ગૃહસ્થાશ્રમના કર્મ પ્રમાણે તે સ્વર્ગનો ભાગીદાર બને છે. વર્ણ અને આશ્રમ પ્રમાણે શ્રી કૃષ્ણે અર્જુનને કહેલું કે યુધ્ધ કરવું. તારો ધર્મ છે યુધ્ધ કરતાં કરતાં તું સ્વર્ગને પામીશ વર્ણ અને આશ્રમના કર્મનું ફળ સ્વર્ગ છે. વર્ણ એટલે જાતી પ્રમાણે ક્ષત્રિય હોય તો યુધ્ધ કરવું તે તેનો ધર્મ છે. બ્રાહ્મણ હોય તો ભિક્ષા માંગવી તે તેનો ધર્મ છે. રાજા હોય તો પ્રજાની રક્ષા કરવા રાજા યુધ્ધ કરે તે તેનો ધર્મ છે. આમ દરેક પોતાના વર્ણ પ્રમાણે કર્મો કરી કર્મ કરતાં કરતાં મૃત્યુ પામે તો શાસ્ત્રના કહ્યા પ્રમાણે સ્વર્ગનો ભાગીદાર બને છે. ધર્મનું પાલન કરી સ્વર્ગને પામે છે તે વૈદિક છે. વેદે કહેલા કર્મો છે માટે વૈદિક છે.

(૩) ઉપાસના કર્મ :- વૈદિક અને પૌરાણીક ઉપાસના કર્મ કરનાર વ્યક્તિને પણ સકામ ભાવે ઉપાસના કરે તો તેવું ફળ અને નિષ્કામ ભાવે ઉપાસના કરે તો તેવું ફળ મળે છે. (૪) જ્ઞાની :- જ્ઞાનથી નિર્વિશેષ ભાવની પ્રાપ્તિ મોક્ષ મળે છે. ઉપાસના દ્વારા તે જીવતા મુક્ત થઈ જાય છે. સંન્યાસી જીવતા જ મુક્ત થઈ જાય છે એટલે સંન્યાસીનું શરીરનું જંગલમાં કે ગામમાં મૃત્યુ થાય અને તેના શરીરનો અંતિમ સંસ્કાર થાય કે ન થાય તો પણ કોઈ ફેર પડતો નથી કારણ કે તેને (સંન્યાસીને) જ્ઞાનથી અશરીરભાવ પ્રાપ્ત થયેલ છે. તેનું જીવન પુષ્કરપ્લાશ છે. પુષ્કરપ્લાશ એટલે કમળનું પાંદડું તે પાણીમાં ૨૪ કલાક રહેવા છતાં પણ કોરું છે તેમ સંન્યાસી છે તે મુક્ત છે. આ શાસ્ત્રીય સિધ્ધાંત છે આ કોટીએ મનુષ્યએ પહોંચવા નિષ્કામ કર્મ અને નિષ્કામ ઉપાસના કરવી જોઈએ. તેનું ફળ અંતઃકરણની શુધ્ધી છે. અંતઃકરણ શુધ્ધ થયા પછી તે ચાર સાધન, વિવેક, વૈરાગ્ય, શમ, દમ આદિ ષટ્ સંપત્તિ અને મુમુક્ષત્ત્વથી સંપન્ન થાય છે તો આ ચાર સાધનથી સંપન્ન એવા અધિકારી મુમુક્ષુના હિતાર્થ માટે આ તત્ત્વબોધના તત્ત્વના વિવેકનો પ્રકાર આગળ બતાવતા આગળ કહે છે. પ્રશ્ન થાય છે કે સાધન ચાર શું છે ? કે એ હોય તો જ તેનો (મુમુક્ષ જીવનો) મોક્ષ થાય. વિવેક, વૈરાગ્ય, શમદમ આદિ ષટ્સંપત્તિ અને મુમુક્ષત્વ આ ચાર સાધન સંપન્ન હોય તેને અધિકારી કહેવાય છે. અધિકારી હોય તો જ અધિકારીને જ્ઞાન આવે. અધિકાર (યોગ્યતા) વિના જ્ઞાન થતું નથી. વ્યવહારમાં પણ અધિકાર (યોગ્યતા) ની જરૂર પડે. તેના માટે યોગ્ય જ્ઞાન હોવું જોઈએ. પ્રધાનમંત્રી બનવા માટે પાત્રના, જ્ઞાન હોવું જોઈએ. ડોક્ટરને દવાનું જ્ઞાન હોવું જોઈએ તેમ સંસારમાં બધાને અલગ-અલગ અધિકાર છે. બધાને એક સરખા અધિકાર નથી. ભિન્નતા છે એ ભિન્નતાનું કારણ છે કર્મ. વિશેષ કર્મથી વિશેષ અધિકાર મળે. બધા સરખા હોત તો સંસાર ચાલે નહીં. જેમ બધા જ ડોક્ટર હોય તો કોઈ કોઈની પાસે દવા લેવા ન જાય અને બધા જ પ્રધાનમંત્રી થાય તો દેશમાં વ્યવસ્થા સારી ન ચાલે. તેમ બધા જ સ્ત્રી હોત અથવા બધા જ પુરુષ હોત તો પણ સંસાર ન ચાલે માટે ભિન્ન ભિન્ન કર્મ પ્રમાણે બનાવ્યા છે જે લોકો દુઃખી છે એ પોતાના કર્મ પ્રમાણે છે અને સુખી છે એ એના કર્મ પ્રમાણે છે.

સ્વામીજી આગળ સમજાવે છે હવે પાત્રતા જે ભેદ છે એ વિચાર કરવામાં આવ્યો. આચાર્ય બાદરાયણજી અધિકરણ ન્યાયથી તેનો વિચાર કરે છે. કોર્ટમાં જે પ્રમાણે પ્રક્રિયા હોય તે પ્રમાણે નિર્ણય કરવામાં આવ્યો હોય તેને અધિકરણ ન્યાય કહેવામાં આવે છે. અધિકરણ ન્યાય લેતા સમયે પાંચ વાતનો ખ્યાલ રાખવામાં આવે છે. (૧) વિષય (૨) સંદેહ (૩) પૂર્વ પક્ષ (૪) ઉત્તરપક્ષ (૫) સંગતી.

સમજણ માટે દ્રષ્ટાંત -

સો વિઘાનું ખેતર હોય કૂવો એક હોય તેમાં આંબાના ઝાડ, આંબલીના ઝાડ, લીમડાના ઝાડ અને મરચાના છોડ હોય. આ બધા ભિન્ન ભિન્ન પાકો વાવેલા હોય અને હવે એક જ કૂવાનું પાણી છે. કૂવાના

પાણીનો સ્વાદ તો મીઠો એકસરખો હોય છે પણ એ જ પાણી મરચાના છોડમાં ચડે છે તો તીખો સ્વાદ થાય આંબામાં ચડતા કેરીના ફળમાં પાણી મીઠું થાય છે અને લીમડામાં ચડે તો તે જ પાણી કડવું થાય છે અને આંબલીમાં ચડે તો તે જ પાણી ખાટુ થાય છે. તો શું પાણીનો દોષ છે ? ના પણ એ ઝાડની પ્રકૃતિ છે. તે સંયોગથી કડવું મીઠું ખાટુ થઈ જાય છે. પાણી દરેકને જોઈએ એ વાત નક્કી છે. કોઈ વૃક્ષ વેલી લતા પાણી વગર થઈ શકે નહીં છતાં આ મહાનભેદ છે એનું કારણ તે પોતાની પ્રકૃતિ ભેદ છે તેમ મનુષ્ય જાડો, પાતળો, કાળો, ધોળો, ઊંચો, નીચો એ તેની પ્રકૃતિના (સ્વભાવ) કારણે છે. ઈશ્વર બધે એક સરખો વિદ્યમાન છે. ઉદાહરણ પ્રમાણે કૂવાના પાણીની જેમ. પણ જેટલું ઈશ્વરનું તત્ત્વ વશિષ્ઠ ઋષી, વાલ્મીકી ઋષીની અંદર છે એટલું જ તત્ત્વ એ સત્, ચિત્, આનંદરૂપ તત્ત્વ આપણામાં છે જેને આપણી પ્રકૃતિ પ્રમાણે સાબિત કરીએ છીએ.

પાત્રતા જીવનકૃત છે. ઈશ્વરકૃત સંસાર સર્વ સામાન્ય છે. સંસારના પદાર્થો કોઈ જીવને માટે દુઃખદાયી કોઈ જીવને માટે સુખદાયી છે પણ એ તો જીવના પોતાના કર્મને કારણે સુખદાયી અને દુઃખદાયી બને છે. જેમ **પાત્ર વિના રસ ઠરતો નથી માટે અધિકારી હોય તેને બ્રહ્મજ્ઞાન અધિકારી થવાય છે.** આ અધિકાર લાવવા માટે પહેલો જ છે. **વિવેક** એ વિવેક કેવો હોવો જોઈએ ? તો ભગવાન શંકરાચાર્ય કહે છે કે નિત્ય અને અનિત્યને પૃથક (જુદુ) કરવાની શક્તિ આપણામાં આવે એને જ વિવેક કહેવામાં આવે છે.

દ્રષ્ટાંત :- જેમ ઘઉંને સાફ કરવા તેમાંથી કાંકરા ડાખળા દૂર કરવા પડે. એને ઘઉંના ભાવે જ આવ્યા છે છતાં પણ કાંકરા અને ડાખળાનો ત્યાગ કરવો પડે. સફાઈ કરવા માટે ઘઉંનું ઘઉંરૂપી જ્ઞાન, કચરાનું કચરારૂપી જ્ઞાન હોવું જોઈએ. કે ઘઉં ગ્રાહ્ય છે અને કચરો ત્યાગ કરવા જેવો છે તો બસ આ બેઉને જે જુદા પાડીએ છીએ. આ જુદા પાડવાની સમજણ છે આવો વિવેક જ આપણામાં છે તો જ ઘઉંને દબાવીને સુખપૂર્વક શુધ્ધ રોટી ખાઈ શકીએ છીએ. પણ જો વિવેક વગર એમને એમ કચરા સહિત દબાવી નાંખીએ તો રોટી ખાઈ શકીએ નહિં એવી રીતે સંસાર આપણી સામે છે. તેની અંદર પરમાત્મા પણ છે, અને સંસાર પણ છે. અહીં સંસાર સત્ અને અસત્નું મિથૂન છે. સત્ય અને અસત્યનું મિથુનીકરણ એટલે જોડાઈ જવું અને જોડાઈ જવાને કારણે આત્મા અને દેહ એકત્રિત થઈ ગયા. એને કારણે અહં ઈદં માં ઈદં શબ્દને આપણે અહં માની લીધો છે ઈદં મમ આ શરીર હું છું આ શરીર મારું છે. આ બે ભાવ ચાલુ થઈ ગયા. આ હું અને મારું બે ભાવ જ બંધન છે. આ બે પ્રત્યય છે બંધનનો અનુભવ થાય. હાલ આપણે જાગેલા છીએ તો હું અને મારા પણુ છે. એટલે બધાં જ વ્યવહાર ખલકપોત ન્યાયથી આપણી ઉપર ચઢી બેઠા છે ખલકપોત એટલે કબૂતરના ટોળામાં ઉપરી કબૂતર કરે તેમ બધા કબૂતર કરે. કબૂતર ચણતા હોય અને એક પત્થર નાંખો એટલે એક કબૂતર ઉડતા બધા કબૂતર ઉડે અને ફરી થોડીવાર પછી પણ આવીને એક બેસે ચણવા લાગે એટલે બધા બેસી ચણવા લાગે એમ આપણું છે એકની પાછળ બધા કહે શરીર હું છું અને શરીર મારું છે. સુષુપ્તિ અવસ્થામાં હું અને મારું કે કોઈ વ્યવહાર રહેતો નથી. હું અને મારું જ બંધન છે જો હું નથી, મારું નથી તો મુકતતા છે જયારે સ્વપ્ન અવસ્થામાં જઈએ છીએ ત્યાં પણ હું અને મારું બંધન ચાલુ રહે છે અને **સુષુપ્તી અવસ્થામાં અહંતા મમતાનો અનુભવ થતો નથી.** એટલા માટે સાંસારીક સુખદુઃખ ત્યાં સુષુપ્તીમાં અનુભવાતા નથી. એટલે ભગવાને સુષુપ્તી અવસ્થા બતાવી છે કે તું રહી શકે છે. (હું અને મારા વગર) પણ આપણે તેની સામુ જોતા નથી. આ દાખલાને સુષુપ્તી અવસ્થાને સમજતા નથી. ઉદ્દાલક મુનિએ શ્વેતકેતુને **તત્ત્વમસિ** ના મહાવાક્યનો નવ વખત ઉપદેશ આપ્યો કે **''સુષુપ્તી અવસ્થામાં બધા જ પરમાત્માની સાથે એક થઈ જાય છે.''** ત્યારે શ્વેતકેતુ કહે છે જો બધા પરમાત્માં સાથે એક થઈ જવાતું હોય તો સંસારની નિવૃત્તિ થઈ જવી જોઈએ પણ અહીં તો સંસાર એવો ને એવો રહે છે ત્યારે ઉદ્દાલક જવાબ આપતા કહે છે મધમાખી હજારો ફૂલમાંથી રસ લાવે છે આને એકઠું થતાં મધ બને છે. એકઠા થયેલા મધને ખબર નથી રહેતી કે હું કયા અથવા આ પુષ્પનો રસ છું મધમાં અલગ-અલગ પુષ્પ રસનો ભેદ રહેતો નથી. એવી રીતે એટલે જયારે મનુષ્ય સુષુપ્તી અવસ્થામાં પરમાત્મા સાથે એક થઈ જાય છે એનો એને ખ્યાલ રહેતો નથી. એટલે જાગે ત્યારે એવોને એવો થઈ જાય છે. એમ આપણે આત્મ સ્વરૂપે છીએ તે વસ્તુ તો છે જ પણ તેને જાણતા નથી એટલે જ્ઞાન થતું નથી પણ જયારે જ્ઞાન થાય છે ત્યારે જાણી શકીએ છીએ. આ જાણવાની ક્રિયાને વિવેક કહે છે.

**(ક્રમશઃ)**

# ક્રોધથી થતુ નુકશાન

પટેલ દેવીકાબેન જે.
(ઓઝરાળા)

કથા સાંભળ્યા પછી કોઈ દિ ક્રોધ કરવો નહિ, ધીમે બોલવું, મધુર બોલવું, બે વાર વિચારી એકવાર બોલવું અને પ્રિય બોલવું. નિર્બળ મન એ ક્રોધની નિશાની છે.

એક ભાઈ નવી ગાડી લાવ્યાં. ઘરમાં એવો તોફાની પોતાનો બાળક છે. એક વખત બાળક રમતો રમતો ગાડીએ પહોંચ્યોને નવી ગાડી પર લીટા પાડયા. લીટા એના પપ્પાએ જોયા અને પપ્પાને ક્રોધ ચડયો. એણે પોતાના બાળકની આંગળી છૂંદી નાખી. એટલે બાળક રડે છે. પછી એના મમ્મી-પપ્પા દવાખાને લઈ ગયા. દવા કરાવી ઘરે લાવીને સુવાડયો છે. આજુબાજુ પડખે મમ્મી-પપ્પા બેઠા છે. અને ભાઈ કહે છે કે બેટા હું ગાડીને સરખી કરાવી લાવીશ. તું ચિંતા કરીશ નહિ. ત્યારે બાળક કહે પપ્પા ગાડી તો સરખી થઈ જશે. પણ મારી આંગળી પાછી આવશે ? પણ શું કરે ? બાળક રડે છે. એમ કરતાં સૂતા બાળકને રાત્રે ધર્નુર ઉપડયું. પછાડો મારી બાળક મરી ગયું. માબાપ ખૂબ રડે છે. સવારે થઈ બાળકની અંતિમ ક્રિયા કરી. મા-બાપ ખૂબ પસ્તાવો કરે છે. બાપ ઊભો થઈ ગાડી જોવા જાય છે. મારું બાળક રહ્યું નથી પણ મારા બાળકના લીટા રહ્યા છે. તે લીટા જોવા જાય છે. ખૂબ ધારીને જુવે છે તો બાળકે લખ્યું છે કે “મારા વ્હાલા પપ્પા.” આ જોઈને પિતા ખૂબ માથા પછાડીને રોવે છે. આમ આખી જીંદગી રોવે પણ પોતાનો બાળક પાછો આવવાનો નથી. મારો ક્રોધ મારા બાળકને ભરખી ગયો. એટલે ધ્યાન રાખજો તમારો ક્રોધ બીજાને તો ઠીક પણ પોતાનો ક્રોધ પોતાને જ ભરખી ન જાય. હે સૂત, ભગવાન ધન્ય છે પણ ભગવાનની માયા પણ ધન્ય છે. ભગવાન મહાદેવની માયાનું નામ છે. સાંભળી માયા. સાંભળી માયા એક ક્રિયા વિદ્યા અને તાંત્રિક વિદ્યા. જે દ્રષ્ટિ માત્રથી માયા સમજાય. પૂરા વિશ્વમાં વ્યાપેલી આ સાંભળી માયા છે. નારદજીને ક્રોધ આવ્યો. નારદજી ક્રોધ સહિત વિષ્ણુ ભગવાનને કહેવા લાગ્યા. તમે મારી સાથે કપટ કર્યુ છે. જેમ હું નારી વિયોગથી દુઃખી થયો એમ વિષ્ણુ તમે પણ નારી વિયોગથી દુઃખી થશો. રામાઅવતારમાં સીતાજીને કોઈ રાક્ષસ લઈ જશે અને વાનરો તમને સહાય કરશે. પછી ભગવાને માયા સંકેલી લીધી. નારદજીને ઘણો પસ્તાવો થાય છે. મારા જેવા તપસ્વીને જો ભગવાનની માયા મોહિત કરતી હોય તો સામાન્ય માનવીની શી ગતિ થાય ? નારદજી ભગવાન વિષ્ણુને કહે છે મેં તપ કર્યું અહંકારથી મેં તમને શ્રાપ આપ્યો. મારા પૂન્યનો ક્ષય થયો. પછી નારદજી જાતા રહ્યા, સાધુ પુરુષો-સજ્જનો એ શ્રાપ ન આપવો. ભગવાનના ભક્તોએ કોઈને શ્રાપ ન આપવો. તમે બીજાનું ખરાબ વિચારો એ સમયે આપણું ખરાબ થવાનું શરૂ થઈ જાય છે. આપણા પડોશી સાથે આપણો કેવો સંબંધ છે તેનાથી આપણી ઓળખાણ થાય છે. ભગવાન વિષ્ણુ નારદને કહે કે આપણા પૂર્વના પૂન્ય હોય તો જયાં હાથ નાખો ત્યાં સફળતા મળે છે. ઊંઘા નાખો તો છતાં પડે છે. આ પૂર્વના પૂન્યનો પ્રભાવ છે. તેથી જયાં પગ મૂકો ત્યાં સફળતા મળે છે. કારણ તમારું શુભફળ છે. તેથી પૂન્ય પૂરા ન થાય એટલા માટે નવા પૂન્ય કરવા જોઈએ.

ભગવાન વિષ્ણુ નારદજીને કહે છે. ભાલમાં ત્રિપૂંડ-તિલક કરો એટલે મનને શાંતિ જરૂર મળે છે અને મન આપણું પ્રભુ સાથે જોડાય. તમે ૐ નમઃ શિવાય મંત્રનો જાપ કરો. આ મંત્ર સર્વનો પિતા છે. આ જગતમાં મહાદેવથી કોઈ મોટા દેવ નથી. હે નારદજી તમે રૂદ્રાક્ષ ધારણ કરો. જે અંગને નિરોગી રાખવા માટે છે. તન-મનના તાપને દૂર કરે છે. માનવ માત્ર રૂદ્રાક્ષ પહેરવા અધિકારી છે. માનવનું કલ્યાણ કરનાર આ રૂદ્રાક્ષ છે. જન્મથી મૃત્યુ સુધી રૂદ્રાક્ષ પહેરવો જોઈએ. કોઈ માણસનું મૃત્યુ થાય તો રૂદ્રાક્ષની માળા તેણે પહેરી હોય તો કાઢવી નહિ. હવે મહત્ત્વની વાત સાંભળો. જે પુન્ય મળે છે તે જતું નથી એવુ પુણ્ય ભેગુ કરવું હોય તો શિવભક્તિ શ્રેષ્ઠ ભક્તિ છે. જે કોઈ મહાદેવનો ભક્ત હોય તો તેની ભક્તિ છોડાવી દેવી એનાથી કોઈ મોટું પાપ નથી. કોઈ સાધુ સંન્યાસી બાર વરસ હિમાલયની કંદરાઓમાં જઈ તપ કરે એના જેટલું ફળ આ મહાદેવની ભક્તિ કરવાથી મળે છે. સત્સંગ એ સાધના છે. કથા એટલે ઉપદેશ નહિ પણ કથા એ ભુલાયેલી યાદ કરવાની માટેની કથા છે. એમાં કોઈ સંશય નથી એ મહાદેવની કથાનો મહિમા છે. આ કથા સાંભળી ઘેર જઈને પગ મૂકો એટલે તમારું ઘર તીર્થ બની જાય છે. અંગ્રેજી ભાષા એ બોટલનું દૂધ છે અને ગુજરાતી ભાષા એ માતાનું દૂધ છે. મહાદેવનો ભક્ત નીંદનીય નથી પણ વંદનીય છે. જે સ્થાન પર મહાદેવની કથા ગુંજે ત્યાં એ ભૂમિ પાપ રહિત તે ભૂમિ તીર્થ બને છે. પ્રભાવશાળી બને છે. નાનકડા જળનું ઝરણું જોઈને માની લેવુ જોઈએ કે આ સમુદ્ર છે. એન ઈશ્વર પૂરા વિશ્વમાં જગતમાં વ્યાપેલા છે.

જયશ્રી સચ્ચિદાનંદ....

## કર્મનું ભોગતાન

વિભુતી વી. દવે

એક વૈશક નામના મહાન રાજા હતા. તેમના રાજ્યમાં પણ પ્રજા સુખી શાંતિથી રહેતી રાજાને મૃગીયાનો ઘણો શોખ હતો. ૧૦-૧૫ દિવસ થાયને રાજા શિકાર કરવા માટે વનમાં નિકળી જતા હતા.

એક દિવસ હરણનો શિકાર કરતા રાજા પોતાના સૈનિકો કરતા ઘણા આગળ નિકળી ગયા. હરણ પણ આગળને આગળ પોતાના પ્રાણની રક્ષા કરવા માટે દોડતું રહ્યું. અને જયાં રાજા હરણનો શિકાર કરવા બાણ છોડવા જાય છે. ત્યાં જ અચાનક વચ્ચે મોટો ફણીધર નાગ રસ્તામાં આવી ગયો. હવે નાગ અથવા સાપ ઘોડાની સામે આવી જાય તો ઘોડો ત્યાં જ ઊભો રહી જાય અને નાગને જોતા જ ઘોડો ત્યાં જ થોભી ગયો. રાજાનો શિકાર હરણ દૂર નીકળી ગયું.

આથી રાજાને ઘણો ક્રોધ આવ્યો. જે બાણ હરણનો શિકાર કરવા માટે હતુ તેજ બાણ રાજાએ નાગને ફેણ ઉપર ખોસીને નાગને દૂર ફેંકી દીધો. રાજાને ખબર પણ નોહતી કે નાગ કયાં જઈને પડયો હતો. પણ નાગ એક બાવળના ઝાડ ઉપર પડયો. ત્યાં બાવળના ઝાડ ઉપર તેના કાંટા નાગના આખા શરીરમાં ખોસાઈ ગયા.

તે વાતને ૧૦૦ વર્ષ પૂર્વે તેજ રાજા ભીષ્મ પિતામહ રાજા બન્યા અને રાજ્યના ભાર પૂર્વે તેમનો યુધ્ધ બાદ શય્યા ઉપર પોતાના દેહનો ત્યાગ કર્યો તે ભગવત્ પ્રિય હતા ગંગાપુત્ર હતા. છતાં પણ ૧૦૦ વર્ષ પૂર્વે કરેલું કર્મ તેમને ભોગવવું પડયુ તો દરેક વ્યક્તિ-દરેક મનુષ્યે પોતાના કર્મનું ભોગતાન કરવું જ પડે છે. માટે કર્મ સારા કરવા અને ક્રોધમાં (આવેસ) માં આવીને કોઈ કામ કરવું નહિ તે કયારે આપણું કર્મ બની જાય છે.

**ગુરૂ ગોવિંદ દોનો ખડે કીસકો લાગુ પાય,**
**બલીહારી ગુરૂ આપકિ જો ગોવિંદ દિયો બતાય.**

ગુરુ પરબ્રહ્મ પરમાત્મા છે. સીધુ અને સરળ વાતમાં સમજીએ તો તે સંસારી મનુષ્યોને ભગવાન પાસે લઈ જવાની નીસરણી છે. તેજ-બ્રહ્મ-પરમાત્માનો સમનવય તે સાક્ષાત દર્શન ગુરૂ-ગુરૂ માંજ સર્વ વ્યાપક છે. તેની કોઈ જ સરખામણી કરી શકે તેમ નથી માટે આપણા શાસ્ત્રકારો ઉપનિષદ પણ ગુરૂને જ મહાન કહ્યા છે.

## સદ્‌ગુરુ દેવનાં થાળ

મોણપરા કૈલાસબેન વી.
(ચોગઠ)

હારે થાળ ધરાવ્યા સદ્‌ગુરુદેવા,
જમો જમો જીવિબાના બાળા,
હારે સંતો સાથે માધવાનંદજી બેઠા, જમો જમો...
હૃદય સિંહાસન પર આસન ઢાળ્યાં,
મનનાં બાજોઠ પર થાળ ધરાવ્યાં,
હારે સંતો સાથે જમોને ગુરુદેવા, જમો જમો...
લસપસતા ઘી, ગોળના લાડું ધરાવ્યા,
બરફી, મોહનથાળના થાળ ધરાવ્યા,
હારે ગા ના ઘીમા ભીંડીની શિંગ પીરસી,જમો જમો.
વિવિધ જાતના શાક ધરાવ્યા,
દાળ-ભાતને અથાણાં ધરાવ્યા,
હારે કઠોળ છે, અનેક ભાતનાં, જમો જમો...
જળ તીરર્થોના કળશ ભર્યા,
ગંગા-જમનાને નર્મદાના નીર છે,
હારે તમે આચમન કરોને ગુરુદેવા, જમો જમો...
લવિંગ-સોપારીને પાનનાં છે બિડલા,
ધાણા-વરિયાળીને તલ ઘણાં શેક્યાં,
હારે તમે મુખવાસ કરોને ગુરુદેવા, જમો જમો...
સુકા મેવા ઘણાં દુધમાં ઘોળ્યાં,
સાકરીયાં દુધ મારા ગુરુને વાલા,
તેની પરસાદી અમને દેતા,
જમો જમો જીવિબાના બાળા.

# મૃત્યુનો મહિમા (ભાગ-૧)

હસમુખ પટેલ

॥ જય સચ્ચિદાનંદ ॥

મહાભારતમાં યક્ષના પ્રશ્નો અને યુધિષ્ઠિરના ઉત્તરોનું નિરૂપણ છે. જેમાંથી જીવન વિશે ઊડાં સત્યો જાણવા મળે છે. યક્ષ યુધિષ્ઠિરને એક પ્રશ્ન એ પણ પૂછે છે. "શેનો ત્યાગ કરવાથી માણસ સર્વને પ્રિય થાય છે ?"-યક્ષના આ પ્રશ્નનો યુધિષ્ઠિર બહુ જ સરસ જવાબ આપે છે. "ગર્વ, માન, અભિમાનનો ત્યાગ કરવાથી માણસ બધાને પ્રિય થાય છે." માણસ અભિમાન કરે છે ત્યારે તે પોતાને બીજાથી અલગ અને ચઢિયાતો માને છે. આવા માણસને બીજા માટે સમભાવ હોતો નથી. સમભાવવગરનો માણસ કોઈનેય પ્રિય ન થાય, અભિમાન માનવીના પતનનું કારણ બને છે અને એના આયુષ્યને ટૂંકાવે છે.

જયારે મનુષ્ય પોતાના મન પર કાબૂ રાખી શકતો નથી ત્યારે ગુસ્સાનો ભોગ બને છે. ભગવાને ગીતામાં કહ્યું છે "કામાત્ક્રોધાં ભિજયતે"-અર્થાત્ કામ (તીવ્ર વાસનાની ઈચ્છા) માંથી ક્રોધ જન્મે છે. ક્રોધ થવાનું બીજુ કારણ અહંકાર છે અને અહંકાર મૃત્યુનો ડર વધારી મૃત્યુ સમીપ લઈ જાય છે. ક્રોધનું કાર્ય ખંડન કરવાનું છે. ક્રોધ કરનાર માણસ પોતે જ પોતાનો દુશ્મન છે. એક કહેવત છે, "તમારો ગુસ્સો એક ક્ષણ માટે કાબૂમાં રાખો અને દુઃખના દિવસોથી દૂર રહો." શ્રી કૃષ્ણ ભગવાને ગીતામાં કહ્યું છે, "આ શરીરનો અંત થાય તે પહેલાં જો ક્રોધને જીત્યો છે તે મનુષ્ય આ લોકમાં સુખી અને યોગી ગણાય છે ક્રોધ એ નકરનું દ્વાર છે."

અધિકવાણી :- માનવીનો બોલવા પર અંકુશ હોવો જોઈએ અને વાણી પર સંયમ અને કાબૂ હોવો જોઈએ. અધિક બોલનાર મનુષ્ય અનર્થ વાહિયાત અને વ્યર્થ વાતો કરે છે. સામાન્ય આત્માને દુઃખ પહોંચાડે છે. કેટલાક માણસો સમય અને સ્થળનો વિચાર કર્યા વિના ગમે તેવું બોલી નાંખે છે. વધુ બોલ્યા કરતાં થોડું મૌન પાળવું સારું કારણ કે મૌનમાં પણ ગજબની તાકાત છે. વાણી સંબંધોને કાપે પણ છે અને જોડે પણ છે. કામ કરતાં અને જરૂર કરતાં વધારે પડતું બોલવાથી મનુષ્યની શક્તિનો વ્યય થતાં તે આયુષ્યને ટૂંકાવે છે.

ત્યાગનો અભાવ :- પોતાની પાસે જે હોય તેમાંથી થોડો ત્યાગ કરવાથી બીજાને સુખ આપી શકાય છે. જે ભૌતિક સુખને ઠોકર મારી શકે એ સંત છે. ત્યાગની ભાવના જ સાચી સંતવૃત્તિ છે. જે મોહમાયાના આદિ બને છે તે સંસારી છે અને ત્યાગી બને છે એ વૈરાગી છે. મુનિશ્રી રાજરત્નવિજયજી કહે છે, "ભોગથી નહિ, ત્યાગથી જ સંપત્તિ શોભી ઊઠે છે." "ધન-સંપત્તિ ભોગ અને સંસારિક સુખનો અતિ ઉપયોગ કરવાની લાલસા જ માનવીના આયુષ્યને ઘટાડે છે."

અંગત સ્વાર્થ :- જયારે મનુષ્ય સામાન્ય હિતનો વિચાર કર્યા વિના પોતાના જ હિતનો વિચાર કરે છે ત્યારે તે અંગત સ્વાર્થવૃત્તિનો શિકાર બને છે. અંગત સ્વાર્થ જ બધા અનર્થોનું મૂળ છે. જે બીજાના સુખને જોઈને સુખી અને દુઃખને જોઈને દુઃખી થાય તે મનુષ્ય સ્વાર્થના દોષથી પર છે. વાસ્તવમાં અંગત સ્વાર્થ મનુષ્યના આયુષ્યને ઘટાડે છે. પોતાની સ્વાર્થવૃત્તિ પોષવા મનુષ્ય ગમે તેવા પાપ કરવા તૈયાર થઈ જાય છે.

મિત્રદ્રોહ :- દરેક માનવીના જીવનમાં મિત્રનું અનેરું મહત્ત્વ છે. મિત્ર જ માનવીની જરૂરિયાત સમજે છે. મદદે ઊભો રહે છે. દુઃખનો સહભાગી બને છે. મુશ્કેલીમાં જીવનનો માર્ગ સૂચવે છે. પરંતુ જયારે પોતાનો મિત્ર જ દ્રોહ કે તિરસ્કાર કરે છે ત્યારે તે માનવીનો મોટામાં મોટો શત્રુ બને છે. મિત્રદ્રોહી મનુષ્ય અધમ અને પાપી બને છે. મિત્રદ્રોહ પણ આયુષ્ય ઘટાડે છે. ઉપર જણાવ્યા મુજબ મિત્રો છ દોષો એકબીજા પર આધારિત છે અને તેની અસર બીજા પર વિપરીત રીતે થાય છે આ દોષોની અસર મનુષ્યના શરીર પર પડે છે અને શરીર રોગિષ્ટ બનતાં શ્વાસની સંખ્યા ઘટે છે અને મનુષ્ય મૃત્યુ પામે છે. લખતા લખતા મિત્રો એક કવિતા યાદ આવે છે તે જણાવું છું.

"કંઈ કેટલા ચાલ્યા ગયા, ખબર પણ પડતી નથી, કંઈ કેટલા ચાલ્યા જતાં, નઝર પણ રડતી નથી, તારા ઐશ્વર્યનું આટલું ગુમાન ન કર "સિકંદર" જેવાની

અહીં, કબર પણ જડતી નથી.''

મૃત્યુ એ કોઈને છોડતું નથી. જીવનનો અંત મૃત્યુ જ છે એ એક નરી વાસ્તવિકતા છે ''કેટલું લાંબુ જીવવું એ કોઈ પણ માણસના હાથમાં નથી, પરંતુ કેટલું ઉમદા અને આદર્શન જીવન જીવવું તે દરેકના હાથમાં છે.'' ''જીવન અને મરણના બે બિંદુઓ વચ્ચે આપણે કઈ રીતે ઈશ્વર અને કુદરતને આપણી શક્તિનો હિસાબ આપ્યો તેમાં જ જીવનની સાર્થકતા છે.'' આધુનિક લાઈફ સ્ટાઈલ અને ફાસ્ટફુડ, જંકફુડ જેવા હાઈબ્રિડ ખોરાકના લીધે પણ માણસનું આયુષ્ય ઘટે છે. ખોરાકમાં નિયમિતતા ઉપરાંત સાદુ ભોજન રેગ્યુલર લેવાથી આયુષ્યમાં જરૂરથી વધારો થાય છે.

મિત્રો મૃત્યુ તો ખોળિયું બદલવાનો ઉત્સવ છે. મૃત્યુ વખતે શોક ન મનાવવો જોઈએ. રવીન્દ્રનાથ ટાગોરે પોતાનો જીવનદીપ બુઝાતા પહેલા સરસ વાત કરી છે. તેમણે કહ્યું કે આ દુનિયાના તમાશા જોયા, હવે બીજી દુનિયાના જોવાના માનવી આ દુનિયામાં જન્મ લઈ જીવનની રંગભૂમિ પર પોતાની ભૂમિકા ભજવે છે. જીવનનું નાટક પુરું થતાં પડદો પડે છે. જીવનનો ખેલ સમાપ્ત થઈ જાય છે. આ જીવનનો ખેલ હતો. હવે મૃત્યુનો ખેલ જોવાનો છે. પરંતુ બંનેની દુનિયા તે સત્ય માનવી સમજે તો જીવન ધન્ય થઈ જાય ! જ્યારે રામકૃષ્ણ પરમહંસ મૃત્યુશૈયા પર હતા. કેન્સરનું નિદાન થયું હતું. એમની ધર્મપત્ની શારદા દેવી રડવા લાગ્યાં, ત્યારે રામકૃષ્ણ પરમહંસે રડવાનું બંધ કરવા કહ્યું. તમો વિધવા નહિં થાઓ. તમે સઘવા જ રહેવાના છો. કારણ કે હું મરવાનો નથી, મારું શરીર મરવાનું છે. તું જો કેવળ મારા આ શરીરની જ પત્ની હો, તારો સંબંધ આ શરીર સાથે જ હોય તો ભલે રડ, જો તારો સંબંધ મારી સાથે હોય તો હું તો માત્ર કપડાં બદલી રહ્યો છું. મૃત્યુની ક્ષણ પહેલાંના એમના આ માર્મિક શબ્દો પણ મૃત્યુની વ્યાખ્યાને ચરિતાર્થ કરે છે. મૃત્યુ એટલે જૂના વસ્ત્રો ઉતારવાં એમ જીવ જૂનું શરીર છોડી નવા શરીરને ધારણ કરે છે. જિંદગી જીવવી એ પણ કળા છે અને મરવું એ પણ કળા છે. જે મૃત્યુ પામવાની કળા સારી રીતે જાણે છે તેને મૃત્યુનો ડર લાગતો નથી. તેને મૃત્યુ મહોત્સવ જેવું લાગે છે ! મિત્રો ''જીવનએ વિકૃતિ છે અને મરણ એ પ્રકૃતિ છે.''

મહાન ગ્રીક તત્ત્વેત્તા સોક્રેટિસને મોતની સજા થયેલી હતી. અંતિમ પળોમાં તેમણે થોડા મિત્રોને કહ્યું કે ગમે તેટલું લાંબુ આયુષ્ય હોવા છતાં બધાં કાર્યો આપણે કરી શકવાનાં નથી. જીવનની અંતિમ ઘડીએ નિશ્ચિત રહેવામાં જ સફળ જીવનનું રહસ્ય સમાયેલું છે. સોક્રેટિસને મોતની સજા થતાં તેમને ઝેર આપવામાં આવ્યું. આજુબાજુ બેઠેલા તેમના શિષ્યો રડવાં લાગ્યાં કે હવે સોક્રેટિસ બચી શકશે નહિ. એ સમયે સોક્રેટિસે કહ્યું અરે ! તમે બધાં રડશો નહિ. હવે વિદાયની વેળા આવી ચૂકી છે. મારે હવે મૃત્યુને ભેટવાનું છે. તમારે જીવનનો સામનો કરવાનો છે રાજીખુશીથી ઝેરનો પ્યાલો પીધો અને છેલ્લા સમયે શિષ્યોને કહ્યું, જુઓ આ રડવાનો સમય નથી. મારી વાચા બંધ થાય પહેલા મહત્ત્વપૂર્ણ વાત સાંભળી લો. જીવન જીવતાં જે ન જાણી શકાયું તેનો અનુભવ અત્યારે થઈ રહ્યો છે. અત્યાર સુધી જેમ જીવન જોયું તેમ અત્યારે મોતને પણ જોઈ રહ્યો છું. આ મોત મારું નથી, પણ મારા શરીરનું છે. સોક્રેટિસના મરણ પહેલાની અંતિમ ઘડીએ બોલાયેલા શબ્દોમાં કેટલી બધી અર્થપૂર્ણતા છે. પરિપૂર્ણતા છે અને યથાર્થતા છે. જીવન અને મોત વચ્ચેનો અનુભવ પણ કેવો પ્રેરક છે ! જે જીવનને જોઈ શકે છે તે મોતને પણ જોઈ શકે છે. તેમાં કોઈ ગ્લાનિ કે દુઃખ નથી કારણ કે મોત શરીરનું થવાનું આત્માનું નહિ.

છેલ્લે મિત્રો ''સજ્જનોનું એ સદ્ભાગ્ય છે કે, તેમના મૃત્યુ પછી તેમના સદ્ગુણોની કીર્તિ ફેલાતી જાય છે.'' મિત્રો મૃત્યુનો મહિમા વિષય લખવા માટે ૧૦ પાના ઓછા પડે તેમ છે. ખૂબ જ મેઈન મુદાઓ ઉપર ફોક્સ રાખી સરળ ભાષામાં સમજાવવા લખાણ દ્વારા કોશીષ કરી છે. યોગ્ય ઉપયોગ કરશો અને બીજાને વાંચવા આપશો તેવી વિનંતી. ત્યારપછી મૃત્યુનો ભાગ-૨ લેખ દ્વારા સરળ ભાષામાં રજૂ કરીશું શાન્તીથી બંન્ને અંક વાંચશો તેવી આશા.

માતૃશ્રી અંબાબા-મૃત્યુનો મહિમા લેખ તેમના શ્રધ્ધાંજલી સ્વરૂપે આ લેખ અને તેમાં આલેખાયેલું ચિંતન માર્ગદર્શક બને, સંકલન, લેખન, ચિંતન મનનો લાભ જિજ્ઞાસુઓ સૌ પ્રાપ્ત કરે એવી શુભકામના સહુનું શુભ અને મંગલ થાય એવી પ્રાર્થના સાથે સહુને.

જયશ્રી સચ્ચિદાનંદ

## ભજન

**(રાગ – ભેટે ઝુલે છે તલવાર)**

જોયા જગમાં સાચા સંત સ્વામી જગદીશાનંદ છે,
ભગવા ધાર્યા છે ભગવંત સ્વામી જગદીશાનંદ છે,
સૂર્ય સમ જ્ઞાન તેજ ધરતી સમ ધીર છે.
સાગર ગંભીર જેમ પ્રજ્ઞામાં સ્થિર છે.
ચંદ્ર સમ શીતળમાં અંગ.... સ્વામી જગદીશાનંદ છે.
અંતર ઉદારતાને ભક્તિનો ભાવ છે.
ધર્મમાં ધ્યાન અને દિલ દરિયાવ છે.
કરૂણાની ધારા અખંડ.... સ્વામી જગદીશાનંદ છે.
કનક કાન્તાને કીર્તીનો ત્યાગ છે.
શમ દમ તિતિક્ષાને દ્રઢ વૈરાગ્ય છે.
તોડયા સૌ તૃષ્ણાના તંત.... સ્વામી જગદીશાનંદ છે.
સમતા સત્સંગને પરહિતમાં પ્યાર છે.
વિવેક વિચાર જેના શુધ્ધ આચાર છે.
સરળ સંતોષી શીલવંત.... સ્વામી જગદીશાનંદ છે.
એવા ગુરૂની નિત્ય કરીએ ઉપાસના.
દેહભાવ છુટે ને મટે સૌ વાસના.
જીવૈના તુટે ભવ બંધ.... સ્વામી જગદીશાનંદ છે.

---

સાંભળ સજની સદ્‌ગુરૂ ઘેર પધાર્યા રે,
નવી નવી અમૂલ્ય વસ્તુ લાવ્યા રે,
સુરતાને શબ્દના લગ્ન લેવાયા રે,
સાંભળ સજની સદ્‌ગુરૂ ઘેર પધાર્યા રે,
પેલું પેલું મંગળીયુ વરતાય રે,
પહેલે મંગળ સંતોની સાક્ષી પુરાય રે,
પહેલે મંગળ ગુરૂની સાક્ષી પુરાય રે,
પહેલે મંગળ કાયાના દાન દેવાય રે,
ગુરૂ ચરણે અશુધ્ધ કર્મ મટી જાય રે, સાંભળ સજની...
બીજુ બીજુ મંગળીયું વરતાય રે,
બીજે મંગળ ભ્રમણાઓ ભાંગી જાય રે,
તેથી મારૂ દિલ પવિત્ર થઈ જાય રે,
ગુરૂ ચરણે નવો જન્મ કહેવાય રે, સાંભળ સજની...
ત્રીજુ ત્રીજુ મંગળીયું વરતાય રે,
ત્રીજે મંગળ ત્રીપુટીના તાળા ખોલાય રે,
નામ વીના ઠાલો નથી કાંઈ ઠામ રે,
ગુરૂ ચરણે આતમ રામ ઓળખાય રે, સાંભળ સજની..
ચોથું ચોથું મંગળીયું વરતાય રે,
ચોથે મંગળ આ બોલનારો ઓળખાય રે,
અરે એતો બોલે છે બાવન બારો રે,
ગુરૂ ચરણે આવાગમન મટી જાય રે, સાંભળ સજની...
ચાર ચાર મંગળીયા પુરા થાઈ રે,
સદ્‌ગુરૂ માધવાનંદ ના પ્રતાપે રે,
અખંડ આનંદ સદ્‌ગુરૂ મને મળીયા રે,
ગુરૂ ચરણે હૈયુ ઘણું હરખાય રે,
સાંભળ સજની સદ્‌ગુરૂ ઘેર પધાર્યા રે,

---



**પરમ પૂજ્ય મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીનો અમેરિકાનો કાર્યક્રમ**

**તા. ૨ જુલાઈ ૨૦૧૬ થી ૮ જુલાઈ ૨૦૧૬**

### *શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ*

વક્તા શ્રી પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય

☞ પોથીયાત્રા : તા. ૨ જુલાઈ ૨૦૧૬, શનિવાર સાંજે ૪.૦૦ કલાકે
☞ પોથીયાત્રા સ્થળ : 42580 Plum Lane, Sterling Heights MI 48314. Rushitbhai M. 58635 47274
☞ કથા પ્રારંભ : તા. ૨ જુલાઈ ૨૦૧૬, શનિવાર સાંજે ૫.૦૦ થી ૭.૦૦, પ્રસાદ સાંજે ૮.૦૦ કલાકે
☞ કથા સમય : તા. ૩, ૪ જુલાઈ ૨૦૧૬, રવિ-સોમ સવારે ૯.૦૦ થી ૧૧.૦૦, સાંજે ૩.૩૦ થી ૭.૦૦
☞ પ્રસાદ સમય : તા. ૩, ૪ જુલાઈ ૨૦૧૬, રવિ-સોમ બપોરે ૧૧.૦૦ થી ૧૨.૦૦, સાંજે ૭.૦૦ થી ૮.૦૦
☞ કથા સમય : તા. ૫,૬,૭,૮ જુલાઈ ૨૦૧૬, સાંજે ૪.૦૦ થી ૭.૦૦, પ્રસાદ સાંજે ૭.૦૦ થી ૮.૦૦
☞ **કથા સ્થળ** : UAW Local, 39209 Mound Road, Sterling heights MI-48310. Babulal M. 5863543062

**:: નિમંત્રક ::** લાલજીભાઈ રવજીભાઈ ભીમાણી પરિવાર — સ્વ. હરીભાઈ સુખાભાઈ કાકડીયા પરિવાર
સ્વ. ગોપાળભાઈ કરશનભાઈ મોરડીયા પરિવાર — સ્વ. લાભુભાઈ ઓધવજીભાઈ ડુંગરાણી પરિવાર
તથા સમસ્ત શ્રી સચ્ચિદાનંદ સેવક પરિવાર - ડીટ્રોઈટ

પરમ પૂજ્ય શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજશ્રી વિદેશયાત્રા પૂર્ણ કરીને તા.૧૭-૭-૨૦૧૬ ના શુભ દિવસે પુનઃભારત પધારશે. તા.૧૮-૭-૨૦૧૬ ના રોજ ગુરૂપૂર્ણિમા મહોત્સવ તેમજ ચાતુર્માસ પ્રસંગે ચાણોદ પધારશે. **તા.૧૯/૭/૨૦૧૬** ગુરૂપૂર્ણિમા મહોત્સવ પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યશ્રીની અધ્યક્ષતામાં ચાણોદ ધામમાં ધામધુમથી ઉજવાશે તેમજ પૂજ્ય સ્વામી મહારાજશ્રીનું ચાતુર્માસ ચાણોદ ધામમાં થશે.

# સત્સંગ સમાચાર

ઉજ્જૈન નગરી મોક્ષનગરી છે. મહાકાલેશ્વર ધામ ક્ષિપ્રા મૈયાની ગોદમાં સિંહસ્થ કુંભમેળો બાર વર્ષે આવે છે. વૈશાખ સુદ ત્રીજ અખાત્રીજ એટલે અક્ષયત્રીજ કહેવાય આ શુભ દિવસે બીજુ શાહિ સ્નાન હતુ નિરંજની અખાડાથી સ્નાન કરવા નિકળ્યા હતા સંતો-મહંતો મહામંડલેશ્વરો ભાવીક ભક્તો મોટી સંખ્યામાં સ્નાનનો લાભ લીધો હતો. પ. પૂ. માધવપીઠાધીશ્વર મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીની સવારી ૭ નંબરે હતી સવારે ૬.૦૦ કલાકે ક્ષિપ્રામૈયા નદીમાં સ્નાન કર્યુ હતુ. શ્રી સચ્ચિદાનંદ સત્સંગ શિબિરના ૬૦૦ સેવક ભાઈ-બહેનોએ સ્નાનનો લાભ લીધો હતો સ્નાન પૂર્ણ થયા બાદ બપોર પછી ૪ કલાકે મેઘરાજાએ વધામણી કરી હતી. દેવતાઓ પણ સંતોને વરસાદથી વધાવ્યા હતા. દેવતાઓ પણ સંતોના દર્શન કરવાની ઈચ્છા ધરાવે છે. પરમ પૂજ્ય પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી અખંડાનંદ સાગરજી મહારાજશ્રીનો ૧૬ મો નિર્વાણ જયંતિ મહોત્સવ સંવત ૨૦૭૨ વૈશાખ સુદ અગીયારસને મંગળવાર તા. ૧૭-૦૫-૨૦૧૬ ના શુભ દિવસે પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યની અધ્યક્ષતામાં ધામધુમથી ઉજ્જૈન નગરી મહાકાલેશ્વર ધામમાં ઉજવાયો હતો. તેમાં પ.પૂ. મહંત સ્વામીશ્રી પ્રકાશાનંદ ગીરીજી મહારાજ તેમજ પ.પૂ.સ્વામી શ્રી વિવેકાનંદ સાગરજી મહારાજ તેમજ પ.પૂ. સ્વામીશ્રી બ્રહ્માનંદ સાગરજી મહારાજ તેમજ બ્રહ્મચારી શ્રી જયાનંદજી મહારાજ તેમજ સ્વામી શ્રી દધિચિ સાગરજી મહારાજ તેમજ માધવ પરિવાર સેવક સમુદાયની હાજરીમાં ધામધૂમથી ઉજવાયો હતો.

ઉજ્જૈન નગરીમાં અખંડ આનંદનો જય જયકાર થયો હતો. ગુરૂના ગુણલા જેટલા ગાઈએ તેટલા ઓછા છે. માધવ પીઠાધીશ્વર સ્વામી મહારાજશ્રીમાં આ આપણા સર્વના રદય સમ્રાટ બ્રહ્મલીન સ્વામીજી મહારાજશ્રીના દર્શન થતા હતા જેવો ભાવ તેવા દર્શન થાય છે. સેવક ભાઈ બહેનોને કેટલી સદ્‌ગુરૂ પર શ્રધ્ધા છે ને કેટલી ભાવના છે. દુર દુરથી આવ્યાને કેટલી ગરમી સહન કરીને આવ્યા મોટી સંખ્યામાં સેવક ભાઈ બહેનો આવ્યા હતા.

ત્રીજુ શાહી સ્નાન, મુખ્ય સ્નાન તા. ૨૧-૫-૨૦૧૬ ને શનિવારે વહેલી સવારે બે કલાકે સર્વે સેવક ભાઈઓ-બહેનો સ્નાન માટે નિરંજની અખાડામાં ગયા હતા ત્યાંથી ૪ કલાકે સ્નાન માટે સંતોની સવારી નીકળી હતી. તેમાં પ. પૂ. મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીનો રથ ૭ માં સ્થાને હતો એટલી બધી ભીડ હતી કે છુટા પડયા પછી ભેગા ન થાઈ આપણા સેવક ભાઈ-બહેનોની સંખ્યા આશરે ૯૦૦ હતી. સ્વામીજી મહારાજશ્રીનો જેય જેય કાર બોલતો હતો. સવારે ૫.૦૦ કલાકે ઘાટ પર પહોંચી ગયા હતા ને ક્ષિપ્રા નદીમાં ભાવથી પ્રેમથી ઉમંગથી સ્નાન વિધિ પૂર્ણ કરીને પરત શ્રી સચ્ચિદાનંદ સત્સંગ શિબિરમાં આવી ગયા હતા ત્યારપછી પૂનમ હોવાથી શ્રી ગુરૂગીતાનો નાનો મોટો પાઠ કર્યો હતો. ત્યાર પછી કુંભપર્વની પૂર્ણાહુતિ કરી હતી.

# સત્સંગ કેન્દ્ર મોટા વરાછા

સર્વે સેવક ભાઈઓને જણાવવાનું કે

પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજશ્રીની આજ્ઞાથી મોટાવરાછામાં સત્સંગ કેન્દ્ર ચાલુ કરવામાં આવ્યું છે. તો સર્વોને પધારવા આમંત્રણ છે.


**:: કાર્યક્રમ ::**


દર મહિનાની સુદ ને વદ સાતમ
બન્ને સાતમ સત્સંગ રાખેલ છે.
સમય રાત્રે ૯.૦૦ થી ૧૦.૦૦

**:: સત્સંગ સ્થળ ::**

શ્રી પ્રવિણભાઈ હિરાભાઈ ભરોડીયા (પાલડીવાળા)
૧૦૦, સાંઈ મોહન સોસાયટી, મહારાજ ફાર્મની સામે,
મોટા વરાછા, સુરત. મો. ૯૮૨૫૨ ૧૧૩૬૭
















ઉજ્જૈન પૂર્ણકુંભ પર્વમાં શ્રી સચ્ચિદાનંદ સત્સંગ શિબિર તા.૧૧-૪-૧૬ થી તા.૨૧-૫-૧૬ સુધી રાખવામાં આવી હતી તેમાં રસોયા ભાઈઓ ભોજન બનાવ્યું બહેનોએ સંતો માટે ભોજન બનાવ્યું ને સંતોને ભોજન કરાવ્યું, શિબિર બહાર પ્રસાદનું વિતરણ કર્યું,ભાવિક ભક્તોએ સેવા આપી હતી.

## સત્સંગ સમાચાર પરમ પૂજ્ય મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીનો કાર્યક્રમ



તા. ૨૫/૫/૨૦૧૬ ના રોજ વહેલી સવારે ધર્મપ્રચાર માટે અમેરિકા જવા મુંબઈથી રવાના થયેલ છે.

***પૂજ્ય સ્વામીજી મહારાજશ્રીનો અમેરિકામાં આ નંબર પર સંપર્ક કરવો.***

**Mo. 001-862-5790398**



### પ.પૂ. મહંત સ્વામીશ્રી પ્રકાશાનંદ ગીરીજી મહારાજનો કાર્યક્રમ

- તા. ૩૦-૫-૨૦૧૬ થી તા. ૩૦-૭-૨૦૧૬ સુધી ભારતની ચારધામ યાત્રા, બાર જયોતિલીંગના દર્શને બસ દ્વારા ચાણોદ ધામથી રવાના થયેલ છે.



### પ.પૂ. સ્વામીશ્રી બ્રહ્માનંદ સાગરજી મહારાજનો કાર્યક્રમ

- જેઠ સુદ પૂનમ તા. ૨૦/૦૬/૨૦૧૬ સુધી
આંતર રાષ્ટ્રીય શ્રી માધવાનંદ આશ્રમ, સુઘડ રોકાણ કરશે.

**પરમ પૂજ્ય પ્રાતઃ સ્મરણીય પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી અખંડાનંદ સાગરજી મહારાજશ્રીની ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું પ્રસારણ તા. ૧-૬-૧૬ થી તા. ૩૦-૬-૧૬ સુધી લક્ષ્ય ચેનલ ઉપર સવારે ૯.૦૦ થી ૯.૩૦ કલાક સુધી નિહાળી શકાશે.**









પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય તેમજ અન્ય મહામંડલેશ્વર વૃંદ તથા સંતો મહંતો અને સેવક સમુદાય તેમજ ધર્મપ્રેમી ભક્તો સહિત ઉજ્જૈન નગરી મહાકાલેશ્વર ધામ સિંહસ્થ કુંભ મેળા ક્ષિપ્રા નદીમાં બીજુ શાહી સ્નાન તા. ૯/૫/૨૦૧૬ ને ત્રીજુ શાહી સ્નાન તા. ૨૧/૫/૨૦૧૬ ના દિને શાંતિ પૂર્વક સંપન્ન થયું હતું.

REGISTERED UNDER RNI NO. GUJ.GUJ/2000/2499
LICENCE VALID UP TO 31/12/2016
POSTAL REGI. NO. SRT-771/2014-16
POSTED AT SURAT RMS ON 5th OF EVERY MONTH

**Printed Book**



ઉજ્જૈન નગરી મહાકાલેશ્વર ધામમાં શ્રી સચ્ચિદાનંદ સત્સંગ શિબિરમાં પ.પૂ. પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજશ્રીનો ૧૬ મો નિર્વાણ જયંતિ મહોત્સવ સંવત ૨૦૭૨ વૈશાખ સુદ અગીયારસ મંગળવાર તા. ૧૭-૫-૨૦૧૬ ના શુભ દિવસે પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યશ્રીની અધ્યક્ષતામાં ધામધુમથી ઉજવાયો હતો.

**BOOK POST**

પૃષ્ઠ ૨૪

**If Not Delivered Please Return To :-**
: મુખ્ય કાર્યાલય :
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ
''વેદ રહસ્ય કાર્યાલય''
શ્રી માધવાનંદ આશ્રમ, ઉદયનગર-૧,
કતારગામ રોડ, સુરત-૩૯૫ ૦૦૪.
ફોન નં.:- ૦૨૬૧ ૨૫૩૪૬૧૦

Published by Laxmanbhai Jerambhai Sonani on behalf of Sachchidanand Sevak Mandal Printed by Ishvarbhai Dhanjibhai Golakiya at Parth Print Point, 1-Basement, Shreeji Awas, Mangadh Chowk, Mini Bazar, Varachha, Surat (Gujarat) and Published form Sachchidanand Sevak Mandal, Madhvanad Ashram, Uday Nagar Society-1, Katargam Road, Surat. Editor- Devrajbhai Valjibhai Vaghasiya.

Price per Copy Rs. 50/-